નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765




૧ મનપા સહિત ૬૧ પાલિકામાં કેસરિયો લહેરાયો

જુઓ પેજ નં.૪

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ I Date :19 FEBRUARY 2025 I WEDNESDAY I Page :8 I Year : 2 I Issue :271 I Price: 2/-

# દિલ્હીમાં વધુ એક મોટી દુર્ઘટનાના એંધાણ!



## ભવિષ્યમાં મોટો ભૂકંપ આવવાની આગાહી

તાજેતરમાં જ દિલ્હીમાં ચારની તિવ્રતાનો ભૂકંપ આવ્યો અને લોકોને પરોઢિયે રસ્તા ઉપર દોડી આવવું પડ્યું. દિલ્હી અને ઉત્તરી રાજ્યોમાં થઈ રહેલી સિસ્મોલોજિકલ એક્ટિવિટી પાછળ ઘણા કારણો જવાબદાર હોવાનું માનવામાં આવે છે. જાણકારો માટે ચિંતાની વાત એ છે કે, પહેલા હિમાલય અને અન્ય વિસ્તારોમાં આવતા ભૂકંપોના કારણે દિલ્હીમાં કંપન આવતા હતા. હવે સ્થિતિ બદલાઈ રહી છે. દિલ્હીમાં આવતા ભૂકંપનું કેન્દ્ર દિલ્હીમાં જ સર્જાઈ રહ્યું છે. બે વર્ષ પહેલાં પણ એવા આંચકા નોંધાયા હતા જેનું એપિસેન્ટર દિલ્હીમાં જ હતું. આ કારણે જ લોકોમાં હવે ચિંતા વધવા લાગી છે. ઉત્તર ભારતમાં છેલ્લાં કેટલાક સમયથી ભૂકંપના ઝાટકા આવવાનું પ્રમાણ વધી ગયું છે. ખાસ કરીને દિલ્હી, એનસીઆરમાં ભૂકંપના આંચકા વધુ આવી રહ્યા છે. આ મુદ્દે ઘણા સંશોઘન થઈ રહ્યા છે.તેમાં એવું કહેવાયું છે કે, હિમાયલ ક્ષેત્રમાં થઈ રહેલી ટેક્ટોનિક પ્લેટની ઉથલપાથલ આ માટે જવાબદાર છે. ભારતના વિવિઘ ઝોનને ભૂકંપ માટેના સંવેદનશિલ ઝોનમાં વહેંચવામાં આવેલા છે. તેમાં દિલ્હી, એનસીઆર અને તેની આસપાસના વિસ્તારો ઝોન-૪માં આવે છે. તે સંવેદનશિલ વિસ્તાર ગણાય છે. તેની નીચેની ટેક્ટોનિક પ્લેટ્સ પણ હાલી રહી છે અને તેના ખસવાના કારણે જ ભૂકંપના નાના-મોટા આંચકા અનુભવાઈ રહ્યા છે. જાણકારોના મતે હિમાલય ક્ષેત્ર અને તેના હેઠળ આવતી હિંદુકુશ પર્વતમાળા એવા ક્ષેત્રો છે જ્યાં ભૂકંપના આંચકા સૌથી વઘારે આવે છે. તેઓ માને છે કે, ભારતની જમીન સતત ચીન તરફ સરકી રહી છે. તેના કારણે વારંવાર ભૂકંપ આવે છે. ઈન્ડિયન ટેક્ટોનિક પ્લેટ્સ ઘીમે ઘીમે ખસીને યુરેશિયન પ્લેટ્સ અને તિબેટિયન પ્લેટ્સ સાથે ટકરાઈ રહી છે. તેના કારણે જ ભારત અને તેના પાડોશી દેશોમાં વારંવાર ભૂકંપ આવે છે. તેવી જ રીતે ભારતના પૂર્વોત્તર રાજ્યો અને હિમાલયન ક્ષેત્રો અને રાજ્યોમાં ભૂકંપ આવવા ખૂબ જ સામાન્ય થઈ રહ્યું છે. સંશોઘકોના મતે ઈન્ડિયન ટેક્ટોનિક પ્લેટ્સ અને યુરેશિયન ટેક્ટોનિક પ્લેટ્સ વચ્ચે સતત અથડામણ થઈ રહી છે. તેનું પ્રમાણ વઘશે તો આ ક્ષેત્રમાં ભવિષ્યમાં મોટાપાયે ભૂકંપો આવશે અને તેની તિવ્રતા પણ ખૂબ જ મોટી હશે જે ભયાનક ખાનાખરાબી સર્જી શકે છે.

# પ્રયાગરાજથી જતી બે ટ્રેનમાં બોમ્બ હોવાની ધમકી મળતા ખળભળાટ



હાલ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભમાં અનેક શ્રદ્ધાળુઓ પવિત્ર સ્નાન કરવા આવી રહ્યા છે, ત્યારે પ્રયાગરાજ જતી બે ટ્રેનમાં બોમ્બ હોવાની ધમકી મળ્યા બાદ ખળભળાટ મચી ગયો છે. પ્રયાગરાજના કંટ્રોલ રૂમને બલિયાથી લોકમાન્ય તિલક ટર્મિનસ જતી કામાયની એક્સપ્રેસ ટ્રેનમાં બોમ્બ હોવાનો કોલ આવ્યો છે, જેના કારણે જિલ્લા પોલીસ અને ત્રહ્ક્ની સાથે છ્ક્ત્રઝ્ની સંયુક્ત ટીમે ટ્રેનને યાર્ડમાં લઈ જઈ તપાસ કરી છે. આ દરમિયાન બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડને પણ જાણ કરવામાં આવી છે.અધિકારી શ્યામકાંતે કહ્યું કે, ‘પોલીસ કન્ટ્રોલ રૂમને પ્રયાગરાજ જતી બે ટ્રેનોમાં બોંબ હોવાની સૂચના મળી હતી. ત્યારબાદ જિલ્લા પોલીસ, જીઆરપી અને આરપીએફ બલિયાની ટીમ સાથે અમે ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને તમામ સુરક્ષા સાથે ટ્રેનને યાર્ડમાં લઈ જવામાં આવી હતી. ત્યારબાદ ટ્રેનની યોગ્ય તપાસ કરવામાં આવી. અમે તમામ લોકો તમામ ઈક્વિમેન્ટ સાથે ત્યાં પહોંચ્યા અને ટ્રેનની સંપૂર્ણ તપાસ કરી. અમે બીડીએસને પણ સૂચના આપી અને તે લોકો પણ આવી રહ્યા છે.’ તેમણે કહ્યું કે, ‘અત્યાર સુધીમાં કોઈપણ બોંબ મળ્યો નથી અને તપાસમાં પણ કોઈ પરેશાની આવી નથી. ટ્રેનમાં હાજર પોલીસ કર્મચારીઓ અને તપાસ ટીમ આખી ટ્રેનની તપાસ કરી રહ્યા છે. ટ્રેન ખાલી હોવાના કારણે તપાસમાં કોઈપણ અડચણ ઉભી થઈ નથી.’ઉલ્લેખનીય છે કે, છેલ્લા એક વર્ષમાં આવા અનેક મામલા સામે આવ્યા છે. અનેક વખત બોમ્બની ધમકીઓ સાથેના મેસેજ અને કોલ આવ્યા છે, પરંતુ હજુ સુધી તપાસ દરમિયાન કંઈ મળ્યું નથી. ગત વર્ષે એપ્રિલથી આવા કિસ્સામાં વધારો થયો છે. અગાઉ ઘણી શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. એટલું જ નહીં, ઘણી હોટલો અને હજારો ફ્લાઈટોને પણ ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી.

## તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# માઓવાદીઓના સફાયાની શરૂઆત



પંદર દિવસ અગાઉ છત્તીસગઢના બિજાપુર જીલ્લાના ઇન્દ્રાવતી નેશનલ પાર્ક ખાતે ૩૧ માઓવાદીઓને ફૂંકી માર્યાના અહેવાલો સ્પષ્ટ સંકેત આપી રહ્યા છે કે જો તેમને શરણે આવવું હોય તો હજુ ચાન્સ છે નહીંતર મોત નક્કી છે. માઓવાદીઓને ખતમ કરવાની ડેટ લાઇન માર્ચ-૨૦૨૬ની છે. માઓવાદીઓ નિર્દોષ ગ્રામવાસીઓ પર રોફ જમાવીને પોતાનું એક નાનું રાજ ઉભું કરતા હતા.

ભારતની લોકશાહીમાં સત્તા ભૂખ્યા લોકોના કારણે દેશ વિરોધી તત્વોનો ઉપદ્રવ વારંવાર જાવો મળતો હોય છે. કેન્દ્ર સરકારના સમજાવટના પ્રયાસો પુરા થયા છે એટલે છેલ્લે હવે ડેટ લાઇન આપી દેવાઇ છે. દેશમાં વિકાસ દુર ગામડાઓ સુધી પહોંચ્યો નથી એમ કહીને કેટલાક લોકો આદિવાસી વિસ્તારોમાં શરૂઆતમાં રોબિન હૂડની ભૂમિકા ભજવતા હતા. તેમને જીવન જરૂરી ચીજો આપીને તેમનો દુરૂપયોગ કરીને તેમને સરકારનો વિરોધ કરતાં શીખવતાં હતા. ત્યારબાદ સરકાર આપણી દુશ્મન છે એમ કહીને પોલીસ સામે શસ્ત્રનો ઉપયોગ કરતાં શીખવ્યું હતું.

ભારત સરકારને ખબર નહોતી પડી કે આવા બળવાખોરોનો ઉપયોગ બહારના દેશના દેશ વિરોધી તત્વો કરી રહ્યા છે. સમય એવો આવ્યો કે ભારતમાં અરાજકતા ફેલાવવા નક્ષલવાદીઓ-માઓીદીઓનો ઉપયોગ થવા લાગ્યો હતો. તેમને આધુનિક શસ્ત્રો મળવા લાગ્યા હતા અને તેની તાલિમ પણ અપાતી હતી.

ભારતના સુરક્ષા દળો પર જ્યારે રોકેટ લોંચર્સથી હુમલો કરવા લાગ્યા ત્યારે સરકારને ભાન થયું હતું કે વિદેશના તત્વોનો હાથા બની ચૂકેલા માઓવાદીઓને ઠેકાણે પાડવાની જરૂર છે. મોદી સરકારે જંગલ વિસ્તારોમાંથી તેમના સફાયા ની શરૂઆત કરી હતી.

જ્યારે લશ્કરના લોકોની સાથે તે યુધ્ધ કરતા હોય તેમ લડતા હતા ત્યારે દેશના લોકોએ પણ તેમની વિચાર સરણીનો વિરોધ કર્યો હતો. જ્યારે લશ્કર તેમના પર કડક પગલાં લે ત્યારે કેટલાક ઉદારમતવાદી તત્વો તેમને સુધરવાનો મોકો આપવાની સિફારશ કરતા હતા.

કેન્દ્ર અને રાજ્યમાં બદલાતી સરકારોના કારણે માઓવાદ જેવા તત્વો વધુ મજબૂત થતા હતા. તેમનો ઉપયોગ વિદેશી તત્વો કરી રહ્યા છે એવું તેમને ભાન નહોતું થતું.

નક્સલગ્રસ્ત વિસ્તારોમાં જ્યારે રોડ બનવા લાગ્યા ત્યારે ગામડાના લોકોને વિકાસનું ભાન થયું હતું અને તેમણે માઓવાદીઓના વિચારને ફગાવી દીધો હતો. માઓવાદીઓના છુપા અડ્ડાની માહિતી તેમણેજ લશ્કરનેઆપવા માંડી હતી. દેશના મુખ્ય પ્રવાહમાં આંતરીયાળ વિસ્તારોના ગમાડાને જાડવાના સરકારના પ્રયાસને સફળતા મળી હતી જેનો સીધો ગેરલાભ માઓવાદ મુવમેન્ટને થયો હતો.

જોકે તે દરમ્યાન અર્બન નક્સલવાદનો જન્મ થયો હતો. આ લોકો પણ દેશ વિરોધી બ્યૂગલ વગાડતા હતા તેમને પણ વિદેશી તત્વો પાસેથી આર્થિક સહાય લઇને પોતે દેશના બહુ મોટા વિચારક છે એવો દાવો કરતા હતા.

માઓવાદીઓ કશું ઉકાળી શક્યા નથી. નથી તો તે ગામડામાં કોઇ સુવિધા આપી શક્યા કે નથી તે તેમને શિક્ષણ આપી શક્યા. આદિવાસી વિસ્તારોમાં તે દેશવિરોધી ઝેર ફેલાવવામાં અમુક અંશે સફળ થયા હતા. તેમની જીંદગી ધરપકડો,શરણે જવું અને લશ્કર સાથેથી અથડામણોમાં પુરી થતી હતી. જંગલોમાં રહેતા નક્સલવાદીઓની સફાઇ સરકાર કરી શકે છે પરંતુ મોટા શહેરોમાં જાહેરમાં રહેતા અર્બન નક્સલવાદને પણ ખુલ્લા પાડવાની જરૂર છે.

# યુટ્યુબ પર અશ્લીલ વીડિયોઝ મુદ્દે એક્શન લે સરકાર સુપ્રીમ કોર્ટની કેન્દ્રને ટકોર

યુટ્યુબ શોમાં રણવીર અલ્હાબાદિયા દ્વારા કરવામાં આવેલી અભદ્ર ટિપ્પણી પર આજે(૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૫) સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. યુટ્યુબ પ્લેટફોર્મ પર ફેલાતી અશ્લીલતાને ધ્યાનમાં લેતાં સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આ મામલે કડક વલણ અપનાવવા નિર્દેશ કર્યો છે. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કેન્દ્રને પૂછ્યું હતું કે, 'શું તે યુટ્યુબ પર ફેલાયેલા અશ્લીલ કન્ટેન્ટ અંગે કોઈ પગલું લેવા માગે છે?' જસ્ટિસ સૂર્યકાંતના નેતૃત્વવાળી બેન્ચે ડિજિટલ પ્લેટફોર્મના દુરુપયોગ પર ચિંતા વ્યક્ત કરી હતી. જસ્ટિસ સૂર્યકાંતે એડિશનલ સોલિસિટર જનરલ () ઐશ્વર્યા ભાટીને કહ્યું હતું, 'અમે ઈચ્છીએ છીએ કે તમે (સરકાર) કંઈક કરો. જો સરકાર કંઈક કરવા તૈયાર હશે તો અમને આનંદ થશે. નહિંતર, આ કહેવાતી ચેનલ અને યુટ્યુબર્સ તેનો દુરુપયોગ કરતાં જ રહેશે.' કોર્ટે એટર્ની જનરલ આર. વેંકટરમણી અને સોલિસિટર જનરલ તુષાર



મહેતા પાસેથી પણ મદદ માગી છે કે, આપણે આ મુદ્દાના મહત્વ અને સંવેદનશીલતાને નજરઅંદાજ કરવો જોઈએ નહીં. કેન્દ્ર સરકારે આ મુદ્દાને ગંભીરતાપૂર્વક ધ્યાનમાં લઈ કાયદો ઘડવો જોઈએ. પાર્લામેન્ટરી સ્ટેન્ડિંગ કમિટી ઓન ઈન્ફોર્મેશન ટેકનોલોજી કાયદાને મજબૂત કરવા માટે કેન્દ્રને પત્ર લખવાનું વિચારી રહી છે. જેથી સરકાર સુનિશ્ચિત કરી શકે કે, રણવીર અલ્હાબાદિયા જેવી અભદ્ર ટીપ્પણીઓ અન્ય કોઈ યુટ્યૂબર કરી શકે નહીં.

# ભારતની ચૂંટણીમાં અમેરિકન સરકારની સીધી દખલથી ખળભળાટ

નવી દિલ્હી અમેરિકામાં એલન મસ્કના ડીપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી ()એ 'વોટર ટર્નઆઉટ' માટે ભારતને અપાતી ૨.૧ કરોડ ડોલર (લગભગ ૧૮૪ કરોડ રૂપિયા)ની સહાય બંધ કરી દીધી છે. મસ્કના નિર્ણયના કારણે ભારતની ચૂંટણીમાં અમેરિકાની સીધી દખલ હોવાનું બહાર આવતાં ખળભળાટ મચ્યો છે. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર આ અંગે તાત્કાલિક તપાસ કરાવવાના બદલે ચૂપ છે તેથી મોદી સરકાર પણ શંકાના દાયરામાં છે.

ભારતમાં આ નાણાં કઈ સંસ્થાને અપાતાં હતાં તે અંગેની વિગતો બહાર નથી આવી પણ ભાજપે કોંગ્રેસ અને નહેરૂ-ગાંધી ખાનદાનને નાણાં મળ્યાં હોવાનો આક્ષેપ કર્યો છે. જ્યોર્જ સોરોસે મોદીને હરાવવા નાણાં અપાવ્યાના આક્ષેપ ભાજપે કર્યા છે.

બીજી તરફ નરેન્દ્ર મોદીને જીતાડવા માટે અમેરિકા નાણાં ખર્ચીને ભારતની ચૂંટણીમાં દખલગીરી કરતું હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. ભારતમાં પોતાના ઈશારે નાચતી સરકાર બેસાડવા માટે ડીપ સ્ટેટ્સ દ્વારા ખર્ચાઈ રહેલાં નાણાં અંગે મોદી સરકાર અત્યાર સુધી કેમ ચૂપ હતી એ પણ સવાલ ઉઠયો છે.

કેન્દ્રમાં છેલ્લાં ૧૦ વર્ષથી ભાજપની સરકાર છે છતાં અમેરિકાની ભારતીય ચૂંટણીમાં સીધી દખલ બંધ કરાવવા માટે કેમ કોઈ પગલાં ના લેવાયાં એ સવાલ પણ થઈ રહ્યો છે. મોદી સરકાર હજુય તપાસ કરાવતાં કેમ ખચકાઈ રહી છે અને ભાજપના નેતા માત્ર રાજકીય આક્ષેપો જ કરી રહ્યા છે એ મુદ્દો પણ ઉભો થયો છે.

ભાજપે ૨૦૧૨માં એસ.વાય. કુરૈશી ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર હતા ત્યારે કોંગ્રેસના ઈશારે ચૂંટણી પંચે કરાર કરીને નાણાં લીધાં હોવાનો આક્ષેપ પણ કરેલો. જો કે કુરેશીએ દાવો કર્યો છે કે, એ ભારતમાં મતદાનમા વધારો કરવા માટે ૨.૧૦ કરોડ ડોલરનું ભંડોળ આપ્યું હતું

એના યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી ()ના દાવામાં કોઈ તથ્ય નથી.

કુરૈશીએ એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, '૨૦૧૨ માં જ્યારે હું સીઈસી હતો ત્યારે ભારતમાં મતદાન વધારવા માટે યુએસ એજન્સી દ્વારા ચોક્કસ કરોડ ડોલરના ભંડોળ માટે ચૂંટણી પંચ દ્વારા એક એમઓયુ કરવામાં આવ્યો હોવાના મીડિયામાં આવેલા અહેવાલમાં દમ નથી. હું મુખ્ય ચૂંટણી કમિશનર હતો ત્યારે ૨૦૧૨માં ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન ફોર ઈલેક્ટોરલ સિસ્ટમ્સ () સાથે એમઓયુ થયા હતા. ચૂંટણી પંચના તાલીમ અને સંસાધન કેન્દ્ર- ઈન્ડિયા ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યુટ ફોર ડેમોક્રેસી એન્ડ ઈલેક્શન મેનેજમેન્ટ () ખાતે અલગ અલગ દેશો માટે તાલીમની સુવિધા માટે ચૂંટણી પંચે અન્ય એજન્સીઓ અને ચૂંટણી મેનેજમેન્ટ સંસ્થાઓ સાથે આ પ્રકારના એમઓયુ કર્યા હતા પણ તેમાં નાણાં આપવાની કોઈ વાત નહોતી.

# દેશભરમાં ડાયાબિટીસ, કેન્સર જેવી બિમારીની ફ્રીમાં થશે તપાસ

## ૨૦ ફેબ્રુઆરીથી ૩૧ માર્ચ સુધી રાષ્ટ્રવ્યાપી અભિયાનઃ મંત્રાલયે ડાયાબિટીસના લક્ષણોની ઈન્ફોગ્રાફિક પણ પોસ્ટ કરીઃ મંત્રાલયે ૩૦ વર્ષથી વધુ ઉંમરના યુવાઓને નજીકના આરોગ્ય સુવિધા કેન્દ્રમાં તપાસ કરાવવા માટે આહવાહન કર્યું

કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલયે બ્લડ પ્રેસર, ડાયાબિટીસ અને કેન્સર જેવી બિમારીઓના દર્દીઓની ફ્રીમાં તપાસ કરવા માટે મહાઆયોજન કર્યું છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે આ માટે દેશભરમાં રાષ્ટ્રવ્યાપી અભિયાન શરૂ કરવાની જાહેરાત કરી છે. દેશભરમાં ૨૦ ફેબ્રુઆરીથી ૩૧ માર્ચ સુધી અભિયાન ચલાવવામાં આવશે. મંત્રાલયે ૩૦ વર્ષથી વધુ ઉંમરના યુવાઓને નજીકના આરોગ્ય સુવિધા કેન્દ્રમાં તપાસ કરાવવા માટે આહવાહન કર્યું છે.

મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટમાં કહ્યું છે કે, તમારા આરોગ્યની કાળજી લો... ૨૦ ફેબ્રુઆરીથી ૩૧ માર્ચ સુધી બિન-ચેપી રોગો ()ની તપાસ માટે રાષ્ટ્રવ્યાપી તપાસ અભિયાનમાં જોડાઓ અને તમારી નજીકની સરકારી આરોગ્ય સુવિધા પર મફતમાં ટેસ્ટ કરાવો. તમામ સરકારી આરોગ્ય કેન્દ્રો હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, મૌખિક, સ્તન અને સર્વાઇકલ કેન્સરની તપાસ કરવા માટે રાષ્ટ્રવ્યાપી અભિયાન શરૂ કરશે.




મંત્રાલયે પોસ્ટની સાથે એક ઈન્ફોગ્રાફિકમાં ડાયાબિટીસના લક્ષણોનો ઉલ્લેખ કર્યો છે, જેને ક્યારે નંજરઅંદાજ ન કરવા જોઈએ. તેમાં અસ્પષ્ટ દ્રષ્ટિ, ભૂખમાં વધારો, ઘાના રૂઝ થવામાં વિલંબ, થાક, સતત તરસ લાગવી, અચાનક વજન ઘટવું અને વારંવાર પેશાબ થવો જેવા લક્ષણો સામેલ છે. મંત્રાલયે કહ્યું છે કે, આ લક્ષણોને ક્યારેય અવગણવા ન જોઈએ.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ-નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ન્યુટ્રિશન (-)ના ડેટા મુજબ, દેશમાં કુલ મૃત્યુદરમાં ૬૬ ટકા લોકોના મોત બિન-સંચારી રોગોના કારણે થયા છે. ૩૦ વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓ માટે હૃદય સંબંધીત બિમારી, ડાયાબિટીસ, શ્વસન રોગો અને કેન્સર સહિતની બિમારીઓ પડકાર બની ગયો છે.

### મલ્ટી સ્ટેટ કક્ષાની મુંબઈની ન્યુ ઈન્ડીયા કો – ઓપરેટીવ બેન્ક કાચી પડતા નવી ચિંતા

# બેન્ક થાપણો માટે વિમા છત્ર રૂા.૫ લાખથી વધારાશે

નવી દિલ્હી મુંબઈ સહિત મહારાષ્ટ્ર અને ગુજરાતમાં શાખા ધરાવતી ન્યુ ઈન્ડીયા કો-ઓપરેટીવ બેન્કની ઉઠમણા જેવી સ્થિતિમાં આ બેન્કના લાખો ખાતેદારોને એ રાહત છે કે કમસેકમ રૂા.૫ લાખ સુધીની તેમની બચત આ બેન્કમાં જમા હશે.

તો તેમને ડિપોઝીટ, ઈુંસ્યુરન્સ, થાપણ વિમાનો લાભ મળશે. ૨૦૨૦માં મોદી સરકારે જ દશકાઓ જુની રૂા.૧ લાખની થાપણ વિમા મર્યાદા વધારીને રૂા.૫ લાખ કરી હતી અને હવે તેમાં પણ વધારીને રૂા.૭.૫૦ લાખ કે રૂા.૧૦ લાખ કરવાની વિચારણા કરી રહી છે.

બેન્ક નબળી પડવાની સ્થિતિમાં આ થાપણ વિમાની રકમ શકય તેટલી ઝડપથી



તેને બેન્કમાં ફસાયેલા નાણા પરત મળી જાય તે નિશ્ચિત કરવા જઈ રહી છે. ન્યુ ઈન્ડીયા કોઓપરેટીવ બેન્કમાં રોકડમાં રૂા.૧૨૨ કરોડની ઘટ હોવાનું રીઝર્વ બેન્કને જાણ થતા જ તુર્તજ સ્પે.ઓડિટ ટીમ મોકલવામાં આવી હતી અને તેમાં બેન્કના એમ.ડી. સહિતના ઉચ્ચ અધિકારીઓની સંડોવણી ખુલી છે.

જેમાં હવે કાનુની પ્રક્રિયા શરૂ થશે પણ જે રીતે બેન્કમાં થાપણદારો સહિતના નાણા પરત આપવા રીઝર્વ બેન્કે નિયંત્રણો મુકવા પડયા અને તેના કારણે લાખો ખાતેદારો માટે મુશ્કેલી ઉભી થઈ.

તે અંગે હાલ તો ઝડપી કશુ થઈ શકે તેમ નથી. રીઝર્વ બેન્કે આ પ્રકારની સ્થિતિમાં જે થાપણદારોને તેમના બેન્ક ખાતા મારફત હાઉસીંગ લોન સહિતની લોનના હપ્તાનું શેડયુલ હોય તેમને અન્ય બેન્કો મારફત વ્યવસ્થા કરવા સલાહ આપી છે પણ થાપણ વિમા યોજનામાં ડિપોઝીટ કે અન્ય જમા રકમનો કલેમ મળવામાં પણ વર્ષો જાય છે.

ડિપોઝીટ ઈુંસ્યુરન્સ એન્ડ ક્રેડીટ ગેરેન્ટી કોર્પોરેશન એક તબકકા પછી એકશનમાં આવે છે. ખાસ કરીને સહકારી બેન્કોમાં આ પ્રકારની સ્થિતિ વધુ સર્જાય છે જેમાં કાચી પડતા જ સામાન્ય વર્ગના થાપણદારોના નાણા વધુ ફસાય છે.

હવે ન્યુ ઈન્ડીયા કો-ઓપરેટીવ બેન્કના ૧.૩ લાખ ખાતેદારો પણ આ પરીસ્થિતિમાં ફસાયા છે. તે સમયે નાણા વિભાગે હવે ડિપોઝીટ-વિમા અંગેની રકમમાં હવે વધારો કરવાની વિચારણા શરૂ કરી છે.



# ૧ મનપા સહિત ૬૧ પાલિકામાં કેસરિયો લહેરાયો

## ગુજરાતમાં કોંગ્રેસનો જડમૂળથી સફાયો

અમદાવાદઃ રાજ્યમાં પ્રથમ વખત ૨૭ ટકા ઓબીસી અનામત સાથે યોજાયેલી ૬૬ નગરપાલિકાની સામાન્ય ૨ નગરપાલિકાની મધ્યસત્ર તથા જુનાગઢ મનપાની ચૂંટણીની મતગણતરી પૂર્ણ થઈ ગઈ છે. જેમાં ભાજપનો ભવ્ય વિજય થયો છે અને કોંગ્રેસનો કરૂણ રકાસ થયો છે. જ્યારે બે મોટા અપસેટ થયા છે, જેમાં ચોરવાડ નગરપાલિકાના વોર્ડ નંબર-૩માં કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચૂડસમાનો પરાજય થયો છે, જ્યારે જૂનાગઢ મનપાની ચૂંટણીમાં ૬ વાર ડે.મેયર રહેલા ગિરીશ કોટેચાના પુત્ર પાર્થ કોટેચાની હાર થઈ છે.

૧ મનપા, ૬૬ નગરપાલિકાની સામાન્ય અને ૨ નગરપાલિકાની મધ્યસત્ર ચૂંટણીનાં પરિણામમાં ભાજપે જુનાગઢ મનપા સહિત ૬૧ પર, જ્યારે કોંગ્રેસે ૧ પર કબજો કર્યો છે. તેમજ કુતિયાણા અને રાણાવવામાં સપાની સત્તા આવી છે અને ૧ નગરપાલિકા પર અન્યોએ કબ્જો કર્યો છે. બાકીની ૪ અનિર્ણિત છે અને ત્યાં અન્ય કિંગમેકરની ભૂમિકામાં છે. આમ, કોંગ્રેસને દિલ્હી વિધાનસભા ચૂંટણી તથા છત્તીસગઢની સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરાજય બાદ ગુજરાતમાં પણ કારમી હારનો સામનો કરવો પડ્યો છે.

જુનાગઢ મનપાની ૬૦ તથા ૬૬ નગરપાલિકાની ૧૮૪૦ અને ૨ નગરપાલિકા વાંકાનેર અને બોટાદની ૭૨ સીટની મધ્યસત્ર ચૂંટણી ચોજાઈ હતી. જ્યારે ધ્રોલ નગરપાલિકાના ૧ વોર્ડમાં ઉમેદવારનું મૃત્યુ થતા ૪ સીટની ચૂંટણી મુલતવી રહી હતી. આમ ૧૯૭૨ સીટના પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા.

૬૬ નગરપાલિકામાં ૬૧.૬૫ ટકા મતદાન થયું હતું, જે ૨૦૧૮ની સરખામણીમાં ૩.૩૫ ટકા ઓછું હતું. એકંદરે વર્ષ ૨૦૧૮માં ૭૫ નગરપાલિકાની યોજાયેલી ચૂંટણીમાં ૬૫ ટકા મતદાન થયું હતું. આ ચૂંટણીમાં સૌથી વધુ ચર્ચા કુતિયાણા નગરપાલિકાને લઈ કાંધલ જાડેજાની તથા જેતપુર નગરપાલિકાને લઈ જયેશ રાદડિયાની રહી છે. જેમાં રાદડિયા અને કાંધલ જાડેજા પોતાનો દબદબો જાળવવામાં સફળ રહ્યા છે.

## મનપા ચૂંટણીના પરિણામ બાદ જૂનાગઢમાં પથ્થરમારો, વાંકાનેરમાં ફટાકડા ફોડવા મુદ્દે માથાકૂટ

ગુજરાતના જૂનાગઢ મહાનગરપાલિકા ચૂંટણીમાં પ્રચંડ બહુમતી સાથે ભાજપે પોતાના જ ગઢમાં જીતની હેટ્રિક નોંધાવી છે. જૂનાગઢ મહાનગરપાલિકાની ૬૦ બેઠકમાંથી ભાજપના ફાળે ૪૮ બેઠક આવી છે. જ્યારે કોંગ્રેસે ૧૧ બેઠક પર જીત હાંસલ કરી છે. ઉલ્લેખનીય છે કે, વોર્ડ નંબર નવમાં અપક્ષનો વિજય થયો છે. જૂનાગઢ મહાનગરપાલિકાના કુલ ૧૫ વોર્ડમાં ૬૦ બેઠકો પર ચૂંટણી યોજાઈ હતી.



ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામોની જાહેરાત સાથે જ અનેક જગ્યાએથી વિવાદ થયો હોવાના અહેવાલો પણ મળ્યા હતા. જૂનાગઢમાં વોર્ડ નંબર-૮ માં કોંગ્રેસની જીત થતાં જ પથ્થરમારાની ઘટના સામે આવી છે. પથ્થરમારામાં પાંચ લોકો ઈજાગ્રસ્ત થયાં હતાં. કોંગ્રેસના વિજય સરઘસ દરમિયાન પથ્થરમારો થયો હોવાનું સામે આવ્યું છે. હાલ, પોલીસે સમગ્ર મામલો થાળે પાડી સુરક્ષા બંદોબસ્ત ગોઠવ્યો છે. વળી, બીજીબાજુ મોરબીના વાંકાનેરમાં વોર્ડ નંબર ૬માં ભાજપ અને આમ આદમી પાર્ટીના કાર્યકરો વચ્ચે મારામારી થઈ હોવાની ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ ફટાકડા ફોડવાની બાબતે બબાલ થઈ હતી. જૂનાગઢ મહાનગરપાલિકામાં વોર્ડ નંબર નવમાં કોંગ્રેસના ઉમેદવાર મહિપાલસિંહ બસિયા હાર્યા છે. આ હારની જાહેરાત થયાના થોડી જ ક્ષણોમાં તેઓ ભાજપમાં જોડાઈ ગયા હતાં. સૂત્રોએ જણાવ્યું કે, કોંગ્રેસમાંથી ચૂંટણી લડવા માટે ફંડ ન મળતાં મહિપાલસિંહ નારાજ હતાં. જેથી કંટાળીને ભાજપમાં જોડાયા છે.




# આજથી વિધાનસભાનું બજેટ સત્ર

### ગાંધીનગરમાં પ્રવેશદ્વારો ઉપર સઘન વાહન ચેકિંગ, મુખ્ય સર્કલો ઉપર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત, ધરણાં-પ્રદર્શન છાવણીઓ ઉપર ખાસ નજર


ગુજરાત સરકારનુ વિધાન સભાનુ બજેટ સત્ર આવતીકાલ તા. ૧૯ને બુધવારથી શરૂ થઇ રહયુ છે ત્યારે વિધાનસભા સચિવાલય તેમજ ગાંધીનગરના અનેક વિસ્તારો પોલીસ છાવણીમા ફેરવાયા છે. ગાંધીનગર પોલીસ દ્વારા શહેરમાં સઘન સલામતી બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યા છે પાટનગરના પ્રવેશદ્વારો ઉપર સતત વાહન ચેકિંગની સાથે સત્યાગ્રહ છાવણી સહિત મુખ્ય સર્કલો ઉપર સઘન સલામતી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર આ વખતે ૧૯ ફેબ્રુઆરીથી ૨૮ માર્ચ સુધી મળવાનું છે ત્યારે દર વખતની જેમ આ વખતે પણ ગાંધીનગર પોલીસ દ્વારા સત્ર દરમિયાન ગાંધીનગરમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સઘન સલામતી વ્યવસ્થા ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગાંધીનગર પોલીસ ઉપરાંત આસપાસના જિલ્લાઓના પોલીસ જવાનો તેમજ એસઆરપી જવાનોને ફરજ સોંપવામાં આવી છે.

વિધાનસભા ગૃહની અંદર ગાંધીનગર પોલીસના જવાનો સાર્જન્ટની ભૂમિકામાં ફરજ બજાવશે તો સચિવાલય સંકુલમાં પણ સઘન સલામતી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. અહીં પ્રવેશ વગર કોઇને પણ મંજૂરી આપવામાં આવશે નહીં. સત્રને લઈ શહેરના પ્રવેશદ્વારો ઉપર પણ સઘન વાહન ચેકિંગની ઝુંબેશ હાથ ધરવામાં આવ્યુ છે. ગાંધીનગરમાં સત્ર દરમિયાન સ્વૈચ્છિક સામાજિક સંગઠનોની સાથે સરકારી કર્મચારીઓ પણ પોતાની માંગણી લઈને ગાંધીનગરમાં રેલી ધરણા ના કરે તે માટે પોલીસ દ્વારા ખાસ નજર રાખવામાં આવનાર છે. જે માટે સત્યાગ્રહ છાવણીની સાથે શહેરના મુખ્ય સર્કલો ઉપર પણ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવનાર છે પોલીસ દ્વારા તૈયાર કરાયેલા બંદોબસ્ત પ્રમાણે ૬ ડીવાયએસપી, ૧૦ પોલીસ ઈન્સ્પેક્ટર,૩૫ સબ ઈન્સ્પેક્ટર તેમજ ૬૬૦થી વધુ જવાનોને ફરજ સોંપવામાં આવશે.

# દ્વારકામાં વિકાસકાર્યો માટે રૂા.૧૩૧.૭૬ કરોડ ફાળવતા મુખ્યમંત્રી

### રૂક્ષ્મણી મંદિર, શિવરાજપુર બીચ, નાગેશ્વર જ્યોર્તિલિંગ ને બેટ દ્વારકાને જોડતો નવો રિંગ રોડ મંજૂર

દ્વારકા નગરપાલીકાની નવા સત્તા શાસન માટેની ચૂંટણી રવિવારે પૂર્ણ થયાની સાથે જ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા દ્વારકા પંથકના વિકાસ માટેની અતિ મહત્વપૂર્ણ યોજના માટેના રૂપિયા ૧૩૧.૭૬ કરોડ મંજૂર કર્યાની ગઈકાલે સોમવારે જાહેરાત કરવામાં આવી છે. ત્યારે આ જાહેરાત થતાં દ્વારકાના વેપાર - વાણિજ્ય સાથે સંકળાયેલા લોકો અને સ્થાનીક રહેવાસીઓમાં આનંદની લાગણી પ્રસરી છે.



આ સમાચાર મળતાની સાથે જ દ્વારકા હોટલ એસોસીએશનના પ્રમુખ ઈશ્વરભાઈ પરમાર અને સેક્રેટરી રવિ બારાઈએ દ્વારકાના વિકાસ માટેની આ મહાત્વાકાંક્ષી યોજના મુખ્યમંત્રીએ મંજૂર કરતા મુખ્યમંત્રીને અભિનંદન પાઠવ્યા છે. આ અંગેની જાણવા મળતી પ્રાથમિક વિગતો મુજબ દ્વારકાના પાદરમાં આવેલ નેશનલ હાઈવેની ખોડીયાર મંદિર ચેક પોસ્ટ પાસેથી રૂપિયા ૧૩૧.૭૬ કરોડના ખર્ચે બનનારો નવો રીંગ રોડ ફોર ટ્રેકનો પ્રારંભ થશે.

જે નવો માર્ગ ખોડીયાર મંદિરની ચેક પોસ્ટની જમણી તરફ આવેલ આવળપરા વિસ્તારથી પસાર થઈને જલારામ મંદિર, ઘનશ્યામ નગર, વંદેમાતરમ્? સોસાયટી અને અંબુજા નગરથી પસાર થઈને આ માર્ગ સિધ્ધો જ એ.સી.સી. સીમેન્ટ ફેક્ટરી પાસેથી પસાર થઈને રૂપેણ બંદર ક્રોસ કરી ઓખા સાથે જોડી દેવાશે. જેના કારણે દ્વારકાથી નાગેશ્વર જતા માર્ગ જે હાલમાં જ રૂપિયા ૪૫ કરોડના સીકસલેન રોડ તરીકે બનાવવા માટે મંજૂર કરાયેલ છે, તેની સાથે જોડાઈ જશે. જેથી હવે નેશનલ હાઈવે માર્ગથી આવતાં જામનગર અને પોરબંદર તરફના જોડાયેલ રસ્તાઓથી પ્રવાસી યાત્રીકો પૈકી જે યાત્રીકો પહેલા દ્વારકાના બદલે નાગેશ્વર, બેટ દ્વારકા, રૂક્ષ્મણી મંદિર, શિવરાજપુર બીચ સીધા જ જઈ શકશે. અને રીટર્નમાં તેઓ દ્વારકા આવી શકશે.


આમ, આ રીંગ રોડ દ્વારકાના નગરજનો માટે પણ ટ્રાફીકની સમસ્યામાં હળવાશ અનુભવવામાં સહયોગી બનશે અને યાત્રિકો, પ્રવાસીઓને પણ નવા અદ્યતન માર્ગની સુવિધા સાથે સમયનો બચાવ કરી દ્વારકા ક્ષેત્રની દર્શન સર્કિટમાં સરળતાથી પ્રવાસ કરી શકશે.

સાથે જ આ માર્ગ પર આવેલી જમીનોની કિંમતમાં પણ ઉછાળો આવશે અને નવા દ્વારકા નગરમાં વિકાસની નવી ક્ષિતિજો પણ ખૂલશે. અત્રે એ પણ નોંધનીય છે કે દ્વારકાના વિકાસ માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ઈન્ફ્રાસ્ટ્રકચરલ ડેવલોપમેન્ટ સાથેની અનેક યોજનાઓ આવી રહી છે. સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગુજરાત રાજ્ય તરફથી પણ દ્વારકાના વિકાસ માટે મોટા પ્રમાણમાં ગ્રાન્ટની ફાળવણી કરી છે. તે ગ્રામજનો માટે દ્વારકાધીશજીની કૃપા જ કહી શકાય. એમ કહીએ તો ચાલે કે કૃષ્ણની આ કર્મભૂમિમાં આર્થિક અને ભૌગોલિક રીતે દ્વારકા નગરી એક નવી જ દિશા તરફ પ્રયાણ કરી રહી છે. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે આ નવો રીંગ રોડ બનાવવા માટે દ્વારકા હોટલ એસોસિએશનના પૂર્વ પ્રમુખ અને દ્વારકા નગરપાલીકાની ટાઉન પ્લાનિંગ પૂર્વ ચેરમેન નિર્મલભાઈ સામાણીએ પણ રાજ્ય સરકારમાં તેમજ પ્રવાસન વિભાગ પાસે વારંવાર રજૂઆતો કરી હતી.

# રાજકોટની પાયલ હોસ્પિટલના વીડિયો વાઈરલ થતાં આરોગ્ય વિભાગ એકશનમાંઃ તમામ હોસ્પિટલોમાં ગોપનિયતા અંગે તકેદારી રાખવા આદેશ

## તમામ જિલ્લા આરોગ્ય અધિકારીઓ-સરકારી હોસ્પિટલોને ગોપનિયતાનો ભંગ ન થાય તે જોવા સૂચનાઃ આરોગ્યમંત્રીએ રાત્રે જ સમગ્ર ઘટનાની માહિતી મેળવી

રાજકોટના પાયલ મેટરનીટી હોસ્પીટલમાં મહીલા દર્દીઓના ચેકઅપના વીડીયો યુ-ટયુબ અને સોશિયલ મીડીયામાં વાઈરલ થતા ભારે ખળભળાટ મચી જવા પામેલ છે અને પોલીસ તથા આરોગ્ય વિભાગ દ્વારા આ પ્રકરણની ગંભીરતાથી તપાસ શરૂ કરવામાં આવી છે. ત્યારે સમગ્ર ઘટનાના પડઘા સરકારમાં પડયા છે અને આરોગ્ય વિભાગે તમામ જિલ્લા આરોગ્ય અધિકારીઓને આ પ્રકારની ઘટનાઓ ન બને તે માટે ખાસ તકેદારી રાખવા અને જરૂર પડે તો હોસ્પિટલોમાં ચેકીંગ કરવા સુચના આપી છે.



રાજકોટની પાયલ મેટરનિટી હોસ્પિટલમાંથી મહિલાઓના વાયરલ થયેલા વીડિયોને લઈ આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે. આરોગ્ય વિભાગે તમામ જિલ્લા આરોગ્ય અધિકારીઓને સૂચના આપી છે તેમજ અન્ય ક્યાંય પણ આ પ્રકારનો કેસ સામે ન આવે તેની તકેદારી રાખવા સૂચના અપાઈ છે. દર્દીની ગોપનીયતાનો ભંગ ન થાય તે સુનિશ્ચિત કરવા ચેતવણી પણ આપી છે.

સરકારી હોસ્પિટલમાં કે અને ને પણ કડક સૂચના આપવામાં આવી છે. સરકારી હોસ્પિટલમાં હાલ જે સીસીટીવી છે તેનાથી પણ ગોપનીયતા ભંગ ન થાય તે અંગે સૂચના આપવામાં આવી છે.

રાજકોટના ૧૫૦ ફુટ રીંગરોડ ઉપર રૈયા સર્કલ નજીક આવેલ પાયલ મેટરનીટી હોસ્પીટલના મહીલા દર્દીઓના ચેકઅપના અનેક સીસીટીવી વીડીયો જાહેર થતા ભારે ખળભળાટ મચી ગયો છે. અમદાવાદ સાઈબર સેલે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે અને રાત્રે જ પાયલ હોસ્પીટલમાં પોલીસ તથા આરોગ્ય વિભાગની ટીમોએ તપાસ કરી હતી.

જો કે આ ઘટનામાં હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી. વીડીયો લીક કરવાના મામલે પાયલ હોસ્પીટલના તમામ સ્ટાફ અને ડોકટરો પણ શંકાના દાયરામાં છે. જો કે સીસીટીવી હેક થયાની શંકા પણ નકારી શકાતી નથી.

રાજકોટની પાયલ હોસ્પિટલમાં મહીલા દર્દીઓનાં ચેકઅપના સીસીટીવી ફુટેજ વાયરલ થવાની ઘટનાના ઘેરા પડઘા પડયા છે અને રાજયના આરોગ્યમંત્રી ૠષિકેશ પટેલે રાત્રે જ આ ઘટના અંગે સંબંધીત અધિકારીઓ પાસેથી સમગ્ર ઘટનાની માહિતી મેળવી હતી તેમજ રાજયભરમાં સરકારી હોસ્પીટલો તથા આરોગ્ય કેન્દ્રોમાં સીસીટીવી નેટવર્કની ચકાસણી કરવા અને ગોપનિયતાનો ભંગ થાય નહીં તેની તકેદારી રાખવા લાગતા વળગતા અધિકારીઓને સુચના આપી હતી. રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવી પણ સક્રિય બન્યા છે અને પોલીસને સમગ્ર ઘટનામાં જીણવટભરી તપાસ કરવા સુચના આપી છે.

# ૧૪મી માર્ચથી ટેકાના ભાવે ચણા અને રાયડાની ખરીદી શરૂ કરશે રાજ્ય સરકાર



ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રાજ્ય સરકાર હંમેશા કટિબદ્ધ છે. આગામી સમયમાં તમામ જિલ્લાઓમાં ખેડૂતો પાસેથી રાજ્ય સરકાર દ્વારા ચણા અને ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રાજ્ય સરકાર હંમેશા કટિબદ્ધ છે. આગામી સમયમાં તમામ જિલ્લાઓમાં ખેડૂતો પાસેથી રાજ્ય સરકાર દ્વારા ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી તા.૧૮/૦૨/૨૦૨૫ થી તા.૦૯/૦૩/૨૦૨૫ સુધી ખેડૂતોએ ગ્રામ્યકક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે વીસીઈ મારફતે નાફેડના ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર વિના મૂલ્યે ઓનલાઇન નોંધણી કરાવવાની રહેશે.

ત્યારબાદ વિવિધ ખરીદી કેન્દ્રો પરથી ચણા અને રાયડાની ખરીદી આગામી તા.૧૪મી માર્ચ ૨૦૨૫ના રોજથી કરવામાં આવશે, જેનો રાજ્યના ખેડૂતોએ વધુમાં વધુ લાભ લેવા સંયુક્ત ખેતી નિયામકની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

રાજ્યના ખેડૂતોના આર્થિક રક્ષણ માટે તેમને ઉત્પાદનોના પોષણક્ષમ ભાવ મળી રહે તેવા હેતુથી કૃષિ મંત્રી રાઘવજી પટેલ દ્વારા ચણા અને રાયડાના ટેકાના ભાવે ખરીદી અંગેનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં વર્ષ ૨૦૨૪-૨૫માં ચણાના પાક માટે રૂ. ૫૬૫૦ પ્રતિ ક્વિન્ટલ અને રાયડાના પાક માટે રૂ.૫૯૫૦ પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો છે.

# કોઠારિયા સોલવન્ટમાં ધમધમતા કૂટણખાનાનો પોલીસે ડમી ગ્રાહક મોકલી કર્યો પર્દાફાશ

રાજકોટઃ શહેરની ભાગોળે ગોંડલ રોડ પર કોઠારીયા સોલવન્ટમા ધમધમતા કુટણખાના અંગે પોલીસને બાતમી મળતા પોલીસે ડમી ગ્રાહક મોકલી કુટણખાનાનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે કુટણખાનામાથી ગ્રાહક અને કુટણખાનાનુ સંચાલન કરતા ૩ શખ્સો મળી ૪ ને ઝડપી લીધા હતા જયારે બે સંચાલકો હાથમા ન આવતા પોલીસે બંનેની શોધખોળ હાથ ધરી છે. છેલ્લા ૩ મહીનાથી કુટણખાનુ ચાલતુ હોવાનુ જાણવા મળ્યુ છે.



જાણવા મળતી વિગત મુજબ શહેર પોલીસના એએચટીયુ વિભાગના પીએસઆઇ એચ. એન. ગઢવી, એએસઆઇ બાદલ દવે, કહરપાલસિંહ ઝાલા સહીતનો સ્ટાફ પેટ્રોલીંગમા હતો દરમ્યાન કોઠારીયા સોલવન્ટ વિસ્તારમા એક મકાનમા કુટણખાનુ ચાલતુ હોવાની ચોકકસ બાતમી મળતા પોલીસે ડમી ગ્રાહકને મોકલી કુટણખાનાનો પર્દાફાશ કરી દરોડો પાડયો હતો જયા પોલીસને કુટણખાનામાથી મુળ બંગાળની બે લલનાઓ અને ૧ ગ્રાહક મળી આવ્યા હતા. આ ઉપરાંત પોલીસે કુટણખાનાના સંચાલકના ૩ માણસો મળી આવ્યા હતા. જેથી પોલીસે ગ્રાહક બની આવેલા વિરેન્દ્ર મહીપતભાઇ સિંધવ (રહે. કોઠારીયા રોડ) અને કુટણખાનામા કામ કરતા સંજય વિનુભાઇ ડાભી, કિશન હિંમતભાઇ મકવાણા અને શૈલેષ ભરતભાઇ ગોહેલની ધરપકડ કરી પુછપરછ કરતા આ કુટણખાનુ કાલીભાઇ અને કલ્પેશભાઇ ચલાવતા હોય જેથી પોલીસે તમામ ૬ શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધી બંને સંચાલકોની શોધખોળ હાથ ધરી છે.

પ્રાથમીક તપાસમા આ કુટણખાનુ છેલ્લા ૩ મહીનાથી ચલાવતા હોવાનુ અને સંચાલકો દ્વારા ગ્રાહકો પાસેથી રૂ. ૧૦૦૦ લઇ તેમાથી લલનાઓને રૂ. ૫૦૦ ચુકવાતા હોવાનુ જાણવા મળ્યુ છે. આ ઉપરાંત સંચાલકો દ્વારા પોલીસથી બચવા માટે ગ્રાહકોનો ફોન પર સંપર્ક કર્યા બાદ તેમને સોલવન્ટ ફાટક પાસે બોલાવતા હતા જયા તેમનો માણસ તેમને એકટીવા લઇ તેડવા જતો હતો અને ગ્રાહક કન્ફોર્મ હોવાની ખાતરી થયા બાદ જ તેને મકાન પર લાવવામા આવતો હોવાની મોડસ ઓપરેન્ડી ધરાવતા હતા. પોલીસે બંને લલનાઓને સાક્ષી બનાવી વધુ તપાસ હાથ ધરી છે.

# અવિરત વિકાસ અડીખમ ભાજપ

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપની ક્લીન સ્વીપ




# કમલેશની કળા મિરાણીનો માસ્ટરસ્ટ્રોક

## જુનાગઢ મનપાની ચૂંટણીમાં કોંગ્રેસના કાંગરા ખેરવી દિધા

જૂનાગઢની જનતાએ ફરી એકવાર ભાજપ પર વિશ્વાસ વ્યક્ત કર્યો લોકોએ વિકાસની રાજનીતિપર ભરોસો કર્યોઃ મિરાણી

## કમલેશ મિરાણીના કારણે કુલ ૬૦ બેઠકો પૈકી ૮ બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ જાહેર થયા હતા



મતદારો તથા કાર્યકર્તાઓનો આભાર વ્યક્ત કરતા કમલેશ મીરાણી

# ગુજરાત સરકારનો બિનઉત્પાદક ખર્ચ રૂા. ૧.૫૧ લાખ કરોડ

## ગુજરાતનું દેવું રૂા. ૪.૨૬ લાખ કરોડથી વધીને નજીકના ભવિષ્યમાં રૂા. ૫.૨૩ લાખ કરોડને આંબી જાય તેવી સંભાવના



અમદાવાદઃ ગુજરાત સરકાર વિકાસના કામો કરવાને બદલે વિકાસ કરવામાં આવી રહ્યો હોવાનો તાયફો કરવા માટે બહુ જ મોટો ખર્ચ કરી રહી છે. પરિણામે ગુજરાતના બજેટના કુલ ખર્ચમાં ૧.૫૧ લાખ કરોડનો ખર્ચ બિનઉત્પાદક ખર્ચ એટલ ેકે અનપ્રોડક્ટિવ એક્સપેન્ડિંચરનો છે. તેની સામે પ્રોડક્ટિવ એક્સપેન્ડિચર રૂા. ૧.૩૩ લાખ કરોડનો છે, એમ આજે ગુજરાત સરકારના ૧૯મી તારીખે જાહેર કરવામાં આવનારા બજેટ પૂર્વે પત્રકારો સાથે વાતચીત કરતાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી સુરેશ મહેતાએ જણાવ્યું હતું.

ગુજરાત સરકારના ૨૦૨૫-૨૬ના વર્ષના બજેટનું કદ રૂ. ૩.૬૩ લાખ કરોડથી રૂા. ૩.૭૦ લાખ કરોડની આસપાસનું રહેવાની સંભાવના વ્યક્ત કરતાં સુરેશ મહેતાએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકારની આવકમાં અધધધધ વધારો થઈ રહ્યો હોવા છતાં તેની નાણાંકીય સ્થિતિ કથળી રહી છે. ૨૦૧૦-૧૦માં રૂા. ૩૭૦૦૦ કરોડના કદના બજેટનું કદ આજે વધીને રૂા.૩.૭૦ લાખ કરોડનું તઈ ગયું હો છતાંય ગુજરાત દેવાના ડુંગર તળે કચડાઈ રહ્યું છે. ગુજરાતનું દેવું ૨૦૨૪-૨૫ના અંતે રૂા. ૪.૨૬ લાખ કરોડનું છે તે બે વર્ષમાં વધીને રૂા. ૫.૨૩ કરોડને આંબી જાય તેવી સંભાવના છે. રાજ્યની આવક કરતાં જાવક વધારે હોવાથી સતત દેવામાં ઊંડું ખૂપતું જ જશે. ગુજરાત આ દેવામાંથી ક્યારેય બહાર આવી શકશે નહિ. પરિણામે ગુજરાતના ગરીબો, બાળકો, મહિલાઓ અને શ્રમિકો તથા ગ્રામ્ય વિસ્તારના લોકોનું જીવન બદતર બનતું જશે. ગુજરાત સરકાર ખર્ચની બાબતમાં અવાસ્તવિક વિભાગોને અગ્રક્રમ આપી રહી છે.

બીજીતરફ ગુજરાત સરકાર તેના બજેટમાં મહિલા અને બાળ કલ્યાણ, વન અને પર્યાવરણ, શ્રમ, કૌશલ્ય ને રોજગાર વિભાગ, આરોગ્ય ને પરિવાર કલ્યાણ, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, શિક્ષણ વિભાગ અને પંચાયત ગ્રામ હક નિર્માણ તથા ગ્રામ વિકાસ વિભાગ માટે જરૂર કરતાં ઓછું બજેટ ફાળવી રહી છે. જોકે ક્લાઈમેટ ચેન્જ, ઉર્જા-પેટ્રોકેમિકલ્સ, માર્ગ ને મકાન, શહેરી વિકાસ ને શહેરી ગૃહનિર્માણ, ઉદ્યોગ-ખાણ વિભાગ તથા નાણાં વિભાગ માટેના બજેટમાં ઘટાડો કરવો જોઈએ. ચોક્કસ વિભાગો માટે બિનજરૂરી ફંડની ફાળવણી કરવામાં આવતી હોવાથી કાયદેસરના આર્થિક માળખા પર બિનકાયદેસર આર્થિક માળખું હાવી થઈ રહ્યું હોવાનો નિર્દેશ મળી રહ્યો છે. ગુજરાતના કુલ ઉત્પાદનના અંદાજિત આંકડા વધુ દર્શાવવામાં આવી રહ્યા છે.આ આંકડાંઓ ગુજરાતના માથા પરના દેવા-ઋણ અને આવકના આંકડા સાથે સુસંગત નથી. સબસિડીની રકમમાં પણ સતત ઘટાડો કરવામાં આવી રહ્યો છે.

# ખખડધજ ગોકુલધામ આવાસોનું રૂા.૫.૫૧ કરોડના ખર્ચે થશે રીનોવેશન

## કૃષ્ણનગર મેઈન રોડ ઉપર આવેલ બીએસયુપી ૩ પ્રકારના હાઉસિંગ સ્કીમના આવાસોનું હવે મનપા રિપેરિંગ હાથ ધરશે

રાજકોટઃ ટીઆરપી ગેમઝોન દુર્ઘટના બાદ મહાનગરપાલિકાએ ટાઉન પ્લાનીંગ વિભાગની કામગીરી વધુ પાર્દર્શક બનાવી છે અને સાથો સાથ ભયજનક મકાનો તેમજ સરકારી કચેરીઓ અને આવાસોનું રિપેરીંગ કામ પણ હાથ ઉપર લીધું છે જે અંતર્ગત વર્ષો પહેલા કૃષ્ણનગર મેઈન રોડ ઉપર વોર્ડ નં. ૧૩માં બનેલ બીએસયુપી ૩ હાઉસીંગ સ્કીમના ૬૦૦થી વધુ ત્રણ માળિયા આવાસ યોજના ખખડધજ હાલતમાં હોય ગમે ત્યારે દુર્ઘટના સર્જાય તેવી ભીતી હોવાથી સરકારની સુચના મુજબ મહાનગરપાલિકા હવે તમામ આવાસોનું રિનોવેશન કરશે જેના માટે રૂા. ૫.૫૧ કરોડનું મેન્ટેનન્સ માટેનું ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. રાજકોટ શહેરમાં વર્ષો



પહેલા બનાવવામાં આવેલ હાઉસીંગ બોર્ડના આવાસો જર્જરીત હાલતમાં હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

પરંતુ હાઉસીંગ બોર્ડના આવાસોનું રિપેરીંગ કરવા માટે હાલ કચેરી કાર્યરત ન હોવાથી હાઉસીંગ બોર્ડમાં રહેતા પરિવારોમાં ચીંતા વ્યાપી ગઈ છે. અગાઉ ફક્ત ત્રણ માળના બનાવવામાં આવેલા બીમ કોલમ વગરના આવાસો ખખડધજ હાલતમાં હોય ગમે ત્યારે ધરાશાયી થવાની ભીતી ઉભી રહેતી હોય છે. જેથી મહાનગરપાલિકાએ હવે શહેરની મધ્યમાં આવેલા હાઉસીંગ બોર્ડના આવાસો રિપેર કરવા માટે તૈયારીઓ આરંભી છે.

જે અંતર્ગત વોર્ડ નં. ૧૩માં કૃષ્ણનગર મેઈન રોડ ઉપર વર્ષો પહેલા બનાવવામાં આવેલ બીએસયુપી ૩ હાઉસીંગ સ્કીમ ટીપીએસ નં. ૨૪ ફાઈનલ પ્લોટ નં. ૧૭ એ પાર્ટ અને ૧૭ બી પ્રકારના આવાસો જર્જરીત હાલતમાં હોય તેનું મેન્ટેનન્સ કરવાનો નિર્ણય લઈ રૂા. ૫.૫૧ કરોડનું એસ્ટીમેટ વાળુ ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. અગાઉ આ આવાસ યોજનાનું પીપીપી ધોરણે નવીની કરણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

# માધાપર ST પોઈન્ટ પર સિક્યુરિટી ગાર્ડ મુકાશે, કેન્ટીન ફરી ધમધમતી કરાશે



રાજકોટઃ જામનગર અને મોરબીના પેસેન્જરો માટે માધાપર ચોકડી ખાતે રાજકોટ એસટી વિભાગ દ્વારા પોઈન્ટ બનાવવામા આવ્યો છે જે હાલ બંધ કરી દેવાતા તે અસામાજીક તત્વોનો અડ્ડો બની ગયુ છે હાલમા જ ત્યા દારૂની કોથળિયો મળી હોવાનુ ફરીયાદ થતા ત્યા સિક્યુરિટી ગાર્ડ ચુકવા એસટી વિભાગના નિયામક દ્વારા સુચના આપવામા આવી છે.

મળતી વિગત મુજબ માધાપર ખાતે જામનગર અને મોરબીના પેસેન્જરોને સેન્ટ્રલ બસપોર્ટ સુધી ધક્કો ન થાય તે માટે એસટીનો પોઈન્ટ બનાવવામા આવ્યો છે અને ત્યા બે રૂટ સહીતની સુવિધા ઉભી કરવામા આવી હતી પરંતુ હાલ ત્યા પોઈન્ટ બંધ કરી તમામ કાગીરીનો સંકેલો કરી દેવામા આવ્યો છે જેથી ત્યા અસામાજીક તત્વોએ પોતાનુ આશ્રય સ્થાન બનાવી લીધુ છે અને ગેરપ્રવૃતિઓ કરતા હોવાની સતત ફરીયાદો ઉઠવા લાગી છે. ગઈકાલે જ મુસાફર હિત રક્ષક સમિતિ દ્વારા ત્યા તપાસ કરતા યુરિનલ સહીતના સ્થળે ત્યાથી દારૂની ખાલી કોથળીયો મળી હતી જેથી ઉચ્ચકક્ષાએ રજુઆત કરી હતી અને આગામી દિવસોમા ત્યા કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે તાકિદના પગલા ભરવા માંગ કરાઈ હતી.

જેને ધ્યાનમા લઈ રાજકોટ એસટી વિભાગ દ્વારા ત્યા સિક્યુરિટી ગાર્ડ મુકવા નિર્ણય લેવામા આવ્યો છે અને અસામાજીક તત્વો ત્યા ડોકાઈ નહી તે માટે બાજુમા આવેલી કેન્ટીંગ પણ શરૂ કરવા વિચારણા ચાલી રહી છે અને ટુક સમયમા ત્યા સિક્યુરિટી અને કેન્ટીનની વ્યવસ્થા કરવામા આવશે તેમ વિભાગીય નિયામકે જણાવ્યુ છે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# કેન્દ્ર સરકારના કાયદા વિભાગ દ્વારા ઝડપી નોટરી નિમણુક મળે તે માટે રજુઆત



## બાર કાઉન્સીલના ચેરમેન દ્વારા લેખીત રજુઆત

રાજકોટ, તા. ૧૯ઃ ગુજરાતના અનેક નોટરીની નિમણુક કેન્દ્ર સરકારની મા.શ્રી મોદી સરકાર તથા કાયદામંત્રીશ્રીએ નિમણુક આપેલ છે અને ગુજરાત રાજયમાં અનેક વકિલો નોટરી બનતા આનંદની લાગણી સરકાર પ્રત્યુ ઉભી થયેલ હતી. પરંતુ નિમણુક બાદ લાંબા સમયથી રાજયની અંદર અને રાજકોટ શહેરમાં નિમણુક પામેલ નોટરીને નિમણુક પત્ર નહી મળતા બાર કાઉન્સીલના પૂર્વ ચેરમેન અને ઈન્ડિયાના મેમ્બર દીલીપ પટેલે બાકી રહેલ નોટરીને તાત્કાલીક નિમણુક પત્ર મળે તે માટે વડા પ્રધાનશ્રી મોદી, ગૃહપ્રધાન શ્રી અમીત શાહને લેખીત રજુઆત કરેલ હતી.

આ ઉપરાંત બાર કાઉન્સીલ ઈન્ડિયાના ચેરમેન અને રાજયસભાના સાંસદ મનનકુમાર મિશ્રા, પૂર્વ કેન્દ્રિયમંત્રી અને સાંસદ શ્રી પુરૂષોતમ રૂપાલા, સાંસદ રાજયસભા રામભાઈ મોકરીયા, છોટા ઉદેપુરના સાંસદ જશુભાઈ રાઠવા હળવદના સાંસદ ચંદુભાઈ શીહોરી સહિતના સાંસદોને લેખીત રજુઆત કરી અને વિકલોને લાંબો સમય વિત્યે નિમણુક પત્રો મળેલ ન હોય તેવાને તાત્કાલીક નિમણુક પત્રો અને કવેરી આવેલ હોય તે સોલ કરવા રજુઆત કરેલ હતી.

બાર કાઉન્સીલના જાગૃત મેમ્બરે દીલીપ પટેલ તથા બાર કાઉન્સીલના ચેરમેન જે.જે.પટેલે અગાઉ પણ રજુઆત કરેલ હતી. જેને પરીણામે કેન્દ્ર સરકારે ઝડપી કાર્યવાહી કરતા ઘણા વિકલોને નિમણુક પત્ર મળેલ હતા.

# રાજૂ એન્જિનિયર્સે ભારતના પ્રથમ મેન્યુફેક્ચરિંગ પાર્ક માટે ભૂમિ પૂજન કરીને વિકાસના નવા અધ્યાયની શરૂઆત કરી




રાજકોટ, તા. ૧૯ઃ ૨૦૨૫- ભારતીય ઉદ્યોગ ક્ષેત્રમાં નવી દિશા આપતા રાજૂ એન્જિનિયર્સે વિશાળ આ ૮૦-એકર ના મેન્યુફેક્ચરિંગ પાર્ક માટે ભૂમિ પૂજન કરીને પોતાના મહત્વ કાંક્ષી પ્રોજેક્ટની શરૂઆત કરી છે. આ પાર્ક રાજૂ એન્જિનિયર્સના તમામ મહત્વપૂર્ણ બિઝનેસ વર્ટિકલ્સને એકઠા કરી, એક સંકલિત ઈકોસિસ્ટમ બનાવશે, જેનાથી સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ થશે, અનાવશ્યક વ્યય ઘટશે અને સ્થાયી વિકાસને પ્રોત્સાહન મળશે.

આ પ્રોજેક્ટ તબક્કાવાર અમલમાં મૂકાશે, જેમાં પ્રાથમિક તબક્કામાં અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, જરૂરી સુવિધાઓ અને મુખ્ય ઓપરેશનલ એકમો ની સ્થાપના કરવામાં આવશે. ત્યારબાદ આ પછી એડવાન્સ ટેક્નોલોજી યુનિટ્સ, આર એન્ડ ડી સેન્ટર્સ, અને પર્યાવરણને અનુકૂળ અન્ય વિભાગો નો સંકલન કરવામાં આવશે. અંતિમ તબક્કામાં ૧૦૦% ગ્રીન એનર્જી સાથે દરેક વિભાગનું સંકલન સુનિશ્ચિત કરાશે, જેથી કાર્યક્ષમતામાં વધારો થાય અને સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ થશે.

આ ટેક્નોલોજી પાર્કમાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે મોટાપાયે રોકાણ કરવાનો મુખ્ય હેતુ પર્યાવરણને અનુકૂળ સ્થિર વિકાસને પ્રોત્સાહિત કરવાનો છે. અહીં લિન મેન્યુફેકચરિંગ સિદ્ધાંતોના અમલથી વ્યય ઘટાડવા, સંસાધનોનો વધુ સાર્થક ઉપયોગ અને પર્યાવરણ ને અનુકુળ કામગીરીને પ્રોત્સાહન આપવામાં આવશે. આ ઉપરાંત, ઈંજ્ઞઝ અને અન્ય અદ્યતન ટેક્નોલોજીથી સજ્જ સ્માર્ટ મશીનો કાર્યક્ષમતા વધારશે, જે આધારિત માહિતીથી પૂર્વાનુમાન જાળવણી થી સંસાધનોના શ્રેષ્ઠ વ્યવસ્થાપનને સુનિશ્ચિત કરશે. આ ટેક્નોલોજી પાર્ક રાજૂ એન્જિનિયર્સ માટે માત્ર વિકાસનો એક પગથિયો નહીં, પરંતુ નવીનતા, કાર્યક્ષમતા અને સ્થાયી વિકાસ તરફ ઉદાત્ત દષ્ટિકોણ ધરાવતું મહત્વપૂર્ણ પગલું છે, રાજૂ એન્જિનિયર્સ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર ખુશબૂ ચંદ્રકાંત દોશીએ એમ જણાવ્યું છે.

# પ્રયાગરાજ મહાકુંભના પગલે અયોધ્યા-કાશી પણ શ્રદ્ધાળુઓથી છલોછલ

ઉત્તર પ્રદેશના તીર્થધામ પ્રયાગરાજમાં ચાલતા મહાકુંભના પગલે અયોધ્યા અને કાશી પણ શ્રદ્ધાળુઓથી છલોછલ બન્યા છે. હજુ મહાકુંભ પૂરો થવાને ૮ દિવસ બાકી છે, પરંતુ ભાવિકોનો પ્રવાહ અવિરત ચાલુ જ છે. અત્યાર સુધીમાં ૫૫.૨૫ કરોડ લોકોએ મહાકુંભમાં સ્નાન કર્યું છે. આગામી તા.૨૬મીએ મહાશિવરાત્રિ સુધી એટલે કે મહાકુંભ સમાપનને ૯ દિવસ બાકી છે, પણ ભીડ અટકવાનું નામ લેતી નથી. પ્રયાગરાજના સ્થાનિક લોકો પણ પહેલીવાર આટલી ભીડનો સામનો કરી રહ્યા છે. એરપોર્ટની હાલત રેલવે સ્ટેશન જેવી છે. ગત રવિવારે, ૬૦ ફ્લાઈટ્સ દ્વારા ૨૦ હજારથી વધુ ભક્તો આવ્યા અને ગયા. ટ્રેનોમાં ભીડ પણ મૌની અમાસ જેવી હોય છે. જેથી રવિવારે ૧૭૯ મેળાની ખાસ ટ્રેનો દોડાવી પડી હતી.બીજી તરફ અયોધ્યાની વાત કરીએ તો, રામમંદિર તરફ જતા તમામ ૫ રસ્તા ફુલ છે, સ્થાનિક લોકો તેમના ઘરોમાં બંધ છે. ભવ્ય રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા પહેલા, દરરોજ માંડ ૨૦ થી ૨૫ હજાર ભક્તો અયોધ્યા પહોંચતા હતા. પરંતુ, મહાકુંભ પછી, ૫ થી ૭ લાખ લોકો આવી રહ્યા છે. અયોધ્યાએ તેના ઈતિહાસમાં આટલી ભીડ પહેલા ક્યારેય જોઈ નહોતી. હાલમાં, ધર્મનગરીના ૬ કિમીની ત્રિજ્યામાં આવતા દરેક રસ્તાઓ ભરચક છે. મંદિર તરફ જતા પાંચેય રસ્તા ભરાઈ ગયા છે. અયોધ્યાના ટૂર ગાઈડ વેલ્ફેર એસોસિએશનના પ્રમુખ પ્રમોદ મિશ્રાના જણાવ્યા અનુસાર, સ્થાનિક લોકો તેમના ઘરોમાં સીમિત છે કારણ કે તેઓ બહાર નીકળતાની સાથે જ ભીડ એકઠી થવા લાગે છે. આખો વિસ્તાર નો વ્હીકલ ઝોન છે. એટલા માટે શાકભાજી અને રેશનના વાહનો આવી શકતા નથી. વેપારીઓ દરરોજ ઈ-રિક્ષા દ્વારા જે માલ લાવે છે તે બમણા ભાવે વેચાઈ રહ્યો છે. ટામેટા અને બટાકા બંનેની કિંમત ૪૦ રૂપિયા છે. કિલો છે. ૧૫૦ રૂપિયા. તેઓ ભાડાની વ્હીલચેર માટે ૨,૦૦૦ રૂપિયા સુધી ચાર્જ કરી રહ્યા છે.

# મહાશિવરાત્રીના મેળામાં કાઠીયાવાડ ગાડલીયા લુહાર સમાજ અને એકલિંગજી સેના દ્વારા ભજન, ભોજન અને ભકિતનો ત્રિવેણી સંગમ જામશે

## ગાડલીયા લુહાર સમાજ અને એકલિંગજી સેનાના યુવાનો દ્વારા જુનાગઢ ખાતે મહાશિવરાત્રી મહોત્સવની અન્નક્ષેત્રની તૈયારીઓનો ધમધમાટ શરૂ

### ■ મહારાણા પ્રતાપ અન્નક્ષેત્રમાં પ્રસાદ લેવા જાહેર જનતાને અનુરોધ : દેવરાજ રાઠોડ

જુનાગઢ તા.૧૮ઃ આભને ઓવારણા લઇ વાદળ સાથે વાતો કરતા ગરવા ગિરનારની ગોદમાં આદી અનાદી કાળથી જુનાગઢ ખાતે દર વર્ષે સમગ્ર રૂષી મુનીઓ, સાધુ સંતો, મહામંડલેશ્વરશ્રીઓ, દરેક અખાડાના સંતશ્રીઓ તેમજ ભકત કોટીના આશ્રમો અને તમામ સમાજના ઉતારા અન્નક્ષેત્ર દ્વારા તેમજ સરકારશ્રીના માધ્યમથી અને સમગ્ર સમાજના આગેવાનો દ્વારા મહાશિવરાત્રીનો મેળો યોજાય છે. જેમાં આ વર્ષે પણ આ પરમ પવિત્ર શિવરાત્રી મહોત્સવ આડે બહોજ ઓછા દિવસો બાકી રહયા છે. ત્યારે કાઠીયાવાડ ગાડલીયા લુહાર સમાજ અને એકલિંગજી સેના દ્વારા તેની ભવ્યાતિ ભવ્ય ઉજવણીઓ કરવા માટેની સમગ્ર તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહયો છે. પરમ કૃપાળુ પરમાત્મા શ્રી દેવાધી દેવ મહાદેવની ભકિતમાં સમગ્ર સંતો મહંતો તેમજ સમગ્ર સમાજના લોકો જયારે ઓળઘોળ થવાના છે. ત્યારે આ અવસરે કાઠીયાવાડ ગાડલીયા લુહાર સમાજ અને એકલિંગજી સેના દ્વારા ભવનાથ ક્ષેત્રમાં જિલ્લા પંચાયતના ગેસ્ટ હાઉસ અને પુર્વ મેયર કરમણ કટારાના પુતળા પાસે ફોરેસ્ટની જગ્યા જુનાગઢ ખાતે સમગ્ર સમાજના લોકો સાધુ સંતો ભાઈઓ, બહેનો માતાઓ યુવાનો અઢારેય કોમ માટેનું છેલ્લા ઘણા વર્ષોથી સંપૂર્ણ મહા અન્નક્ષેત્રનું આયોજન કરવામાં આવે છે. જેમાં સમગ્ર ગુજરાતના ભાઇઓ-બહેનો વિગેરે દ્વારા આ કાર્યક્રમની અંદર સંપૂર્ણ પણે કોઈપણ જ્ઞાતિ જાતિના ભેદભાવ વગર વિનામુલ્યે સેવાઓ આપવામાં આવે છે. જે બદલ સદગુરુ શ્રી સુંદરદાસજી મહારાજ દ્વારા સૌ કાર્યકર્તાઓને તેમજ જાહેર જનતાને મહાપ્રસાદ લેવા પધારતા સૌ ભાઈઓ-બહેનો માતાઓ વગેરેનો પણ ખુબ ખુબ હૃદયપૂર્વકનો આભાર માનવામાં આવે છે.

તેમજ આ વર્ષે પણ દર વર્ષની માફક શ્રી કાઠીયાવાડ ગાડલીયા લુહાર સમાજ અને એકલિંગજી સેના અને મહંત શ્રી સુંદરદાસજીબાપુ તેમજ સમગ્ર કાર્યકર્તાઓની ટીમ દ્વારા અને ભગવાન ભોળાનાથની તેમજ માં અંબાજી અને ૫૨(બાવન)વીર ૬૪(ચોસઠ) જોગણી નવનાથ ૮૪ (ચોરયાસી) સીધ્ધની આગેવાનીમાં તેમજ પરમ કૃપાળુ પરમાત્માના આર્શીવાદથી અન્નક્ષેત્રની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. અમારા અન્નક્ષેત્રમાં છેલ્લા ૧૫ વર્ષ થી લાખો ભાવીકો માટે મહાપ્રસાદ રૂપી ભોજનની સેવા માટે અઢારેય વરણ તેમજ કાઠીયાવાડ ગાડલીયા લુહાર સમાજના દરેક કાર્યકર્તાઓ તેમજ સમગ્ર સૌરાષ્ટ્રના અને ગુજરાતના દરેક સમાજના સ્વયંમસેવકોને, હરખની હેલી ચડી છે અને સૌ સાથે મળી ખંભે ખંભા મીલાવી અને કાર્યરત છે. ત્યારે યુવા અગ્રણી દેવરાજ રાઠોડે જણાવ્યું હતું કે જુનાગઢ ખાતે ભવનાથક્ષેત્રમાં મહાશિવરાત્રી મહોત્સવ અંતગર્ત તા. ૨૦-૨-૨૦૨૫ ગુરૂવાર સવાર થી લઇ કાઠીયાવાડ ગાડલીયા લુહાર સમાજ અને એકલિંગજી સેના સંચાલિત આ અન્નક્ષેત્ર સમગ્ર સમાજના લોકો માટે ધમધમતુ થઇ જાશે જેમાં સવારના સમયમાં દરેક લોકોને ચા-પાણી-નાસ્તો અને સવારે ૧૧-૩૦ થી લઇ મોડી રાત્ર સુધી ભોજનરૂપી મહાપ્રસાદની વ્યવસ્થાઓ ભગવાન સદાશીવ, માં ભગવતી તેમજ , ભગવાન દ્વારકાધીશના આર્શીવાદથી અને અમારા પરમ સદ્દગુરૂ દેવ સુંદરદાસજી મહારાજની પ્રેરણાથી ચાલુ થઇ જશે તેમજ તા. ૨૭-૨-૨૦૨૫, ગુરૂવાર ના દિવસે સંપૂર્ણ દિવસ માટે સવારથી લઇ રાત્રી સુધી આખા દિવસ દરમિયાન ફરાળ પણ પીરસવામાં આવશે. શિવરાત્રી મહોત્સવના મહાપ્રસાદનો અનેરો મહીમા છે. મહોત્સવમાં આવતા તમામ ભાવીકોને સંપૂર્ણ પણે વિનામુલ્યે મહાપ્રસાદ લેવા માટે જાહેર નિમંત્રણ છે. છેલ્લા ઘણા વર્ષોથી મહાશિવરાત્રી મહોત્સવમાં પરમકૃપાળુ પરમાત્મા તેમજ માં ભગવતીના આર્શીવાદથી અન્નક્ષેત્રનું આયોજન કરવામાં ભગવાન અમોને નીમીત બનાવે છે. તેને અમો અમારૂ સૌ ભાગ્ય માનીએ છીએ.તો અઢારેય કોમના દરેક લોકોને ભોજનરૂપી મહાપ્રસાદ લેવા માટે તા. ૨૦-૨-૨૦૨૫ ને ગુરૂવાર થી લઇ અને તા. ૨૭-૨-૨૦૨૫ ને ગુરૂવાર સુધી આ અન્નક્ષેત્ર ધમધમવાનું છે ત્યારે સમગ્ર સમાજના લોકોને મહાપ્રસાદ લેવા માટેની જાહેર વિનંતી કરવામાં આવે છે. આપ સૌ ભગવાનનો મહાપ્રસાદ લઇ અમોને આર્શીવાદ આપી અને પાવન કરવા માટે આપ સૌને ફરી હૃદયપૂર્વકની વિનંતી કરવામાં આવે છે.

તા. ૨૨-૨-૨૦૨૫ થી લઇ તા. ૨૭-૨-૨૦૨૫ સુધી દરરોજ રાત્રીના સમયે દેશી એકતારા પર ભજન ની જમાવટ થનાર છે. ભજન ભોજન અને ભકિતનો ત્રીવેણી સંગમ એટલે મહાશિવરાત્રીનો ભગવાન ભવનાથ મહાદેવના સાનિધ્યનો મેળો આપ સૌને પણ અમારી હૃદયપૂર્વકની વિનંતીઓ છે. કે ખાસ મેળામાં પધારો અને કાઠીયાવાડ ગાડલીયા લુહાર સમાજ સંચાલિત અન્નક્ષેત્રમાં મહાપ્રસાદ લેવા પધારો તેવી જાહેર જનતા જોગ અપીલ છે તેમજ વધારે વિગત માટે યુવા અગ્રણી દેવરાજ રાઠોડ ૯૮૯૮૩૧૦૭૭૮ પર સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવે છે.

# કુતિયાણામાં ઢેલીબેનની જીત પણ સતાથી દૂર વિપક્ષ તરીકે સબળ ભૂમિકા રહેશે

**પ્રજાના આશીર્વાદથી જ જીત મેળવીએ છીએ. કુતિયાણાની શકલ બદલાવી નાખીશ કાંધલભાઈ જાડેજા**

ગોસા(ઘેડ)ઃ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમા પોરબંદર જિલ્લાની રાણાવાવ અને કુતિયાણા બંને નગર પાલિકાની ચૂંટણી તારીખ ૧૬ ફેબ્રુઆરીના રોજ યોજાઇ હતી જેમાં કુતિયાણા નગરપાલિકા માં ૧૩૬૯૨ મતદારોમાંથી ૮૩૫૩ મતદારોએ પોતાના મતા ધિકારનો ઉપયોગ કર્યો હતો.જેમાં ભાજપ અને સમાજવાદી બંને પક્ષના ૪૮ ઉમેદવારો મેદાનમાં હતા. અને કુતિયાણા નગરપાલિકામા ૬ વોર્ડની ૨૪ બેઠક ઉપર ૧૮ મતદાન મથક ઉપર ૫૯.૮૩% ટકા મતદાન નોંધાયું હતું. આવી જ રીતે રાણાવાવ નગરપાલિકા માં ૩૪૯૭૦ મતદારોમાંથી ૧૭૫૫૩ મતદારોએ પોતાના મતા ધિકારનો ઉપયોગ કર્યો હતો.જેમાં ભાજપ અને સમાજવાદી બંને પક્ષના ૫૬ ઉમેદવારો મેદાનમાં હતા. અને રાણાવાવ નગરપાલિકામા ૭ વોર્ડની ૨૮ બેઠક ઉપર ૪૧ મતદાન મથક ઉપર ૫૦.૧૯% ટકા મતદાન નોંધાયું હતું. કુતિયાણા નગરપાલિકા માં ૩૦ વર્ષથી સતા ભોગવતાં ઢેલીબેન માલદેભાઇ ઓડેદરા ભાજપ અને સામે ત્રણ ટર્મથી કુતિયાણા વિધાનસભામાં જેમાં એનસીપી અને ત્યારબાદ સમાજવાદી પક્ષના પ્રતીકના નેજા તળે વિજેતા થઈ ને જેમનો દબદબો રહ્યો છે તેવા કાંધલભાઈ જાડેજા પ્રેરિત તેમના નાના ભાઈ કાનાભાઈ સરમણ ભાઈ જાડેજાને તેમની ટીમ ચૂંટણી મેદાનમાં હતી.

# કાલાવડ નગરપાલિકા પર ફરી ભાજપનો કબ્જો: કુલ ૨૮ બેઠક માંથી ૨૬ પર ભાજપની જીત




કાલાવડ, તા. ૧૯: કુલ ૨૮ બેઠકમાંથી ૧ બેઠક ભાજપની.અગાઉથીજ બીન હરીફ વિજેતા બની હતી. જ્યારે ૨૭ બેઠક ઉપર ભાજપ - કોંગ્રેસ - આપ સહિત ૬૭ ઉમેદવારોના ચૂંટણી જંગ જામ્યો હતો.પરિણામ જાહેર થતા કાલાવડ નગરપાલિકામા ભાજપનો ભગવો લહેરાયો હતો.સતત છઠી વખત નગરપાલિકામાં ભાજપ સત્તાનું સુકાન સંભાળસે આ નગરપાલિકાના પરિણામ આવતા કુલ ૨૮ બેઠકમાંથી ૨૬ બેઠક ભાજપે કબજે કરી, જ્યારે ૨ બેઠક કોંગ્રેસે કબ્જે કરી અને આમ આદમી પાર્ટીનું ખાતું પણનો ખુલતા કાલાવડ નગરપાલિકામા ભાજપનો ફરી વાર ભગવો લહેરાયો હતો.

વોર્ડ નંબર:-૧ જીતેલા ઉમેદવાર (૧) અશ્વિનભાઈ વિરમભાઈ ઝિંઝુવાડીયા-ભાજપ મેળવેલ મત:-૧૧૫૦ (૨)નંદાબેન નરસિંહભાઈ સોંદરવા ભાજપ મેળવેલ મત:-૮૬૧ (૩) મંજુબેન પ્રવીણભાઈ લીંબાણી ભાજપ મેળવેલ મત:-૮૭૨ (૪) જગમલભાઈ સંજોગભાઈ માલાણી ભાજપ મેળવેલ મત:-૯૩૪ વોર્ડ નંબર:- ૨ માં (૧) સુજાતાબેન પ્રફુલચંદ્ર સિંગલ ભાજપ મેળવેલ મત:-૧૦૧૬ (૨) ખમાબા સહદેવસિંહ જાડેજા ભાજપ મેળવેલ મત:-૧૨૦૩ (૩) કાવ્યા મોહિત મહેતા બિનહરીફ ભાજપ (૪) ડો.જય મુકેશભાઈ મહેતા ભાજપ મેળવેલ મત:-૧૦૮૬ વોર્ડ નંબર:-૩ (૧) દયાબેન રમેશભાઈ ઝાપડા ભાજપ મેળવેલ મત:-૧૧૫૦ (૨) લક્ષ્મીબેન ધીરજલાલ ફળદુ ભાજપ મેળવેલ મત:-૧૨૦૨ (૩) પરસોત્તમભાઈ મગનભાઈ હિરપરા કોંગ્રેસ મેળવેલ મત:-૧૨૩૯ (૪) ઈતેજ (હિતેશભાઈ) ગિરધરભાઈ તાળા ભાજપ મેળવેલ મત:-૧૧૬૨ વોર્ડ નંબર:-૪ (૧) મણીબેન દુદાભાઈ મકવાણા ભાજપ મેળવેલ મત:-૧૧૭૮ (૨) રંજનબેન પ્રફુલભાઈ રાખોલીયા ભાજપ મેળવેલ મત:-૧૧૨૪ (૩) ફિરોજભાઈ હુસેનભાઈ હેરજા ભાજપ મેળવેલ મત:-૧૧૮૮ (૪) બાદલ વિનોદભાઈ મહેતા ભાજપ મેળવેલ મત:-૧૨૧૬ વોર્ડ નંબર:-૫ (૧) નજમાબેન જાહીરભાઈ સમા ભાજપ મેળવેલ મત:-૧૨૫૭ (૨) રૂકસારબાનું સિકંદર મિયા કાદરી ભાજપ મેળવેલ મત:-૧૩૧૦ (૩) અયાજ અબ્દુલ વંથરા ભાજપ મેળવેલ મત:-૧૪૯૦ (૪) સદામ ગફારભાઈ બારાડી ભાજપ મેળવેલ મત:-૧૪૫૫ વોર્ડ નંબર:-૬ (૧) મીનાબેન રાજેશભાઈ ખંભાયતા ભાજપ મેળવેલ મત:-૭૮૪ (૨) ફાલ્ગુનીબેન મેહુલકુમાર સોજીત્રા કોંગ્રેસ મેળવેલ મત:-૮૯૦ (૩) સુરેશભાઈ રામજીભાઈ સોલંકી ભાજપ મેળવેલ મત:-૮૭૭ (૪) જયેશભાઈ ભોજાભાઈ વિરાણી ભાજપ મેળવેલ મત:-૯૮૭ વોર્ડ નંબર :-૭ (૧)બાલુબેન પોપટભાઈ મકવાણા ભાજપ મેળવેલ મત:-૮૭૯

(૨) મંજુલાબેન વિનોદભાઈ કપુરીયા ભાજપ મેળવેલ મત:-૯૫૯ (૩) જીતેન્દ્રભાઈ ડાયાભાઈ બગડા ભાજપ મેળવેલ મત:-૯૧૪ (૪) રમેશભાઈ મોહનભાઈ દોંગા ભાજપ મેળવેલ મત:-૯૬૪ આમ કાલાવડ નગરપાલિકાની કુલ ૨૮ બેઠકમાંથી ભાજપ ૨૬ અને કોંગ્રેસ ૨ સીટ પર વિજેતા થયેલ છે. પરિણામ મળતા ઢોલ નગારા,બેન્ડ પાર્ટી, ડી..જે. ના તાલ સાથે ભારતીય જનતા પાર્ટીના વિજેતા ઉમેદવારોનું સરઘસ કાઢી ભાજપના આગેવાનો અને કાર્યકર્તાઓ એ હારતોરા કરી ફૂલડે વધાવ્યા હતા.

# સાબરકાંઠા ધનસુરાના ધવલ સોનેરી મનોવિજ્ઞાન વિષયમાં પી.એચડી. થયા

## ■ શિક્ષણ ક્ષેત્રે નવી દિશા પૂરી પાડશે: ડો ધવલ સોનેરી

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી વિંઝોલ, ગોધરામાંથી શ્રી આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુરના મનોવિજ્ઞાન ગાઈડ ડો હિતેશકુમાર આર વાઢિયાના માર્ગદર્શન હેઠળ ધનસુરાના ધવલકુમાર પ્રવીણચંદ્ર સોનેરીએ મનોવિજ્ઞાન વિષયમાં પી.એચડીની ડિગ્રી પ્રાપ્ત કરી ધનસુરા પંથક સહિત સમગ્ર શિક્ષણ અને સાહિત્ય જગતનું ગૌરવ વધાર્યું છે.

યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિભાગના ગાઈડ ડો. હિતેશકુમાર વાઢિયાના માર્ગદર્શન હેઠળ મહાશોધ નિબંધ રજૂ કરતાં ધનસુરાના ધવલકુમાર પ્રવીણચંદ્ર સોનેરીને મનોવગ્યાન ડો. રાજેશભાઈ



ડોડીયાની ઉપસ્થિતિમાં કુલપતિ પ્રતાપસિંહ ચૌહાણના વરદ હસ્તે પી.એચડીની ડીગ્રી એનાયત કરવામાં આવી છે. તેમણે A comparative study of occupational stress, Job satisfaction and psychological well-being Among private and Government school Teachers ""

‘‘એ કોમ્પેરેટિવ સ્ટડી ઓફ ઓક્યુપેશનલ સ્ટ્રેસ, જોબ સેટીસ્ફેક્શન એન્ડ સાયકોલોજીકલ વેલ બેઈંગ એમોંગ પ્રાઈવેટ એન્ડ ગવર્મેંટ સ્કૂલ ટીચર્સ ‘‘ વિષયમાં મહાશોધ નિબંધ રજૂ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ડો. ધવલભાઈ સોનેરીએ શિક્ષણમાં સાયકોલોજી વિષય સાથે એમ એ, એમ ફિલ અને બી. એડની સાથે શૈક્ષણિક ક્ષેત્રે માતર તાલુકાના ત્રાંણજા ગામે સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષકોની ઘટ હોવાથી બે વર્ષ સુધી સેવા બજાવીને શિક્ષણ ક્ષેત્રે પોતાનું ઋણ અદા કર્યું હતું. માતરમાં મીરાંબિકા ગલ્સ પીટીસી કોલેજ ખાતે આચાર્ય તરીકે તેમજ એન આઇ ઓ એસમાં રીસોર્સ પર્સન તરીકે અનટ્રેઈન્ડ શિક્ષકોને બે વર્ષ સુધી તાલીમ આપી હતી. શિક્ષણમાં રસ અને રુચિ ધરાવતા હોવાથી તેમણે પ્રાઈમરી અને અપર પ્રાઈમરી વિભાગનું સંશોધન કર્યું છે. તેમણે ઈન્ટરનેશનલ જનરલમાં ૬ જેટલા રિસર્ચ પેપર રજૂ કરેલ છે. નેશનલ, વર્કશોપ, વેબીનાર, કોન્ફરન્સ અને સેમિનાર મળી કુલ ૧૮ જેટલા કાર્યક્રમોમાં ભાગ લીધેલ છે. હાલ તેઓ શ્રી ઓમ ટ્રસ્ટમાં મેનેજિંગ ટ્રસ્ટી તરીકે અને શ્રી વિવેકાનંદ પ્રિ. સ્કૂલ માતરમાં ગરીબ અને મધ્યમ વર્ગને પોષાય તેવી ફી તેમજ અનાથ બાળકોને અડધી ફીમાં શિક્ષણ આપતા હોવાનું અમારા સંવાતદાતાએ જણાવ્યું છે. ભવિષ્યમાં આ સંશોધનથી શિક્ષણ ક્ષેત્રે એક નવી દિશા ખુલશે તેવો મત તેમણે વ્યક્ત કર્યો હતો.




# રાજકોટમાં ૫૦ વાહનચાલકોના લાયસન્સ ૩ માસ માટે સસ્પેન્ડ

- **જો વાહન ચલાવતા ઝડપાયા તો આજીવન રદ્દ થઈ શકે, ૪થી વધુ વખત ઈ–મેમો મેળવનારા ૬૦૦ વાહનચાલકોમાંથી ૧૦૦ને નોટિસ**

રાજકોટ, તા. ૧૯ઃ રાજકોટ RTO કચેરી દ્વારા અગાઉ ફેટલ અકસ્માત જેવા કિસ્સાઓમાં લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવતું હતું ત્યારે પહેલીવાર ટ્રાફિક નિયમના ભંગ બદલ ૪થી વધુ વખત ઈ-ચલણના મેમો આવ્યા હોય એવા વાહનચાલકોના પણ લાયસન્સ સસ્પેન્ડ કરવાની કાર્યવાહી શરુ કરવામાં આવી છે. કચેરી દ્વારા આવા ૬૦૦ જેટલા વાહનચાલકોની યાદી તૈયાર કરાઈ હતી જેમાંથી ૧૦૦ જેટલા વાહનચાલકોને નોટિસ ફટકારાઈ હતી. આમાંથી ખોટા એડ્રેસને કારણે ૩૫ જેટલી નોટિસ પરત ફરી હતી તો ૫૦ વાહનચાલકોના લાયસન્સ ૩ મહિના માટે સસપેન્ડની કાર્યવાહી કરાઈ.

### ૫૦ વાહન ચાલકોના લાયસન્સ ૩ માસ માટે સસ્પેન્ડ

વર્ષ ૨૦૨૫ની શરૂઆતથી સિગ્નલ તોડવું, હેલ્મેટ ન પહેરવું, સીટ બેલ્ટ ન બાંધવો, રોંગ સાઈડમાં વાહન ચલાવવું, ત્રીપલ સવારી સહિતના ટ્રાફિક નિયમના ભંગ બદલ ૫૦ વાહન ચાલકોના લાયસન્સ ૩ માસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. હવે આ ૫૦ વાહન ચાલકો વાહન ચલાવી નહીં શકે. જો તેમછતાં પણ તે વ્યક્તિ સસ્પેન્શનના સમયગાળા દરમિયાન વાહન લઈને નીકળે તો તેમની સામે મોટર વ્હીકલ એક્ટની કલમ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. જેમાં દંડની સાથે કોર્ટ કાર્યવાહીની પણ જોગવાઈ છે.

### વાહન લઈને નીકળતા ઝડપાયા તો વધુ કડક કાર્યવાહી થશે

જો લાયસન્સ સસ્પેન્ડેડ વાહનચાલકો ૩ મહિના દરમિયાન વાહન લઈને નીકળતા ઝડપાયા તો તેમનું લાયસન્સ લાંબા સમયગાળા માટે સસ્પેન્ડ થઈ શકે છે અથવા તો લાઈસન્સ રદ પણ થઈ શકે છે. બીજી તરફ ખોટા એડ્રેસને કારણે ૩૫ જેટલી નોટિસ પરત ફરી તેમાંથી ૫ વાહન ચાલકોએ છજ્ઞ્ઘ કચેરી ખાતે હાજર થઈને ઈ-મેમો ભરી આવ્યાની પહોંચ આપી હતી. જોકે, નોટિસ રિટર્ન આવી એવા બાકીના ૩૦ વાહનચાલકોના સ્થળ તપાસમાં ઘર નહિ મળી આવે તો તેઓના નામો જાહેર કરવામા આવશે.

### પહેલા નોટિસ અપાઈ ને પછી લાયસન્સ સસ્પેન્ડની કાર્યવાહી કરાઈ

રાજકોટ RTO અધિકારી કેતન ખપેડે જણાવ્યું હતુ કે, શહેર ટ્રાફિક પોલીસ દ્વારા ૪થી વધુ મેમો આપવામાં આવ્યા હોય અને તેની ભરપાઈ કરી ન હોય તેવા વાહનોનું લિસ્ટ RTO કચેરીને અગાઉ મોકલવામાં આવેલું હતું. જેમાં વાહન નંબરના આધારે તે વાહન ચાલક કયા પ્રકારનું લાયસન્સ ધરાવે છે તે સર્ચ કરવામા આવ્યું હતું અને અને ત્યારબાદ તેઓને નોટીસ આપવામાં આવી હતી. જેમાં સમયમર્યાદામાં જે-તે વાહનચાલક કચેરી ખાતે હાજર ન રહે કે કોઈપણ પ્રકારનો ખુલાસો ન કરે તો તે વાહનચાલકનું લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યું છે.

### જો વાહનચાલક સમયમર્યાદામાં ખુલાસો નહી કરે તો લાયસન્સ સસ્પેન્ડ થશે

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, RTO કચેરી દ્વારા લાયસન્સ સસ્પેન્ડ કરવા બાબતે પહેલા નોટીસ આપવામાં આવે છે, ત્યારબાદ ૧૦ દિવસમાં જે-તે વ્યક્તિએ અત્રેની કચેરી ખાતે આવી ખુલાસો કરવાનો રહેતો હોય છે. સમયમર્યાદામાં ખુલાસો કરવામાં ન આવે તો એક તરફી નિર્ણય લઈ તે વ્યક્તિનું લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવે છે. આ વાહન ચાલકોના લાયસન્સ સસ્પેન્ડ કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેમાં જે તે વાહન ચાલકનું લાયસન્સ ૩ માસ, ૬ માસ કે ૧ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવશે.



# ટેરિફની બ્લેક બોક્સ અમેરિકામાં ભારતની નિકાસ ઘટાડશે

મુંબઈ ગયા સપ્તાહમાં અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા જાહેર કરાયેલી રેસિપ્રોકલ ટેરિફ્સની વિસ્તૃત વ્યાખ્યામાં એશિયાના મોટાભાગના દેશો અમેરિકાના ટેરિફ્સની અંદર આવી જશે એમ નોમુરા હોલ્ડિંગ્સના એક રિપોર્ટમાં જણાવાયું છે. ટોટલ ટેરિફ્સ તથા ટેક્સ, નિયમનકારી અને કરન્સી નીતિઓ પર આધારિત નવી લેવી લાગુ કરવાની ટ્રમ્પની જાહેરાતનો અંદાજ મેળવવો મુશ્કેલ છે. ટેરિફ્સનું આ 'બ્લેક બોક્સ' એશિયાના દેશોમાં જાળને વ્યાપક બનાવવાનો ટ્રમ્પને વિકલ્પ પૂરો પાડે છે.



અમેરિકાના માલસામાન પર ચીન, ભારત, ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ તથા ફિલિપાઈન્સમાં ઘણાં બધા અવરોધો છે. જાપાન તથા દક્ષિણ કોરિઆ જેવા વિકસિત દેશો જેઓ અમેરિકા સાથે મુક્ત વેપાર કરાર ધરાવે છે તેમની સામે પણ જોખમો રહેલા છે, કારણ કે તેઓ ટેસ્ટિંગ તથા નિયમનકારી ધોરણો સહિતના અન્ય અવરોધો ધરાવે છે.

વળતા ટેક્સ લાગુ કરવાના ધોરણોને વિસ્તૃત બનાવવાથી પ્રક્રિયા જટિલ અને ઓછી પારદર્શી બનશે. વળતા ટેરિફના ટ્રમ્પના નિર્ણયની અસરમાંથી બચવા અનેક દેશો પર અમેરિકા સાથે દ્વીપક્ષી કરાર કરવાનું દબાણ વધશે. અમેરિકા ખાતેથી વધુ માલ ખાસ કરીને ઊર્જા તથા શસ્ત્રો ખરીદવાનું ભારત પર દબાણ છે. ભારતની નિકાસ પર અમેરિકા દ્વારા રેસિપ્રોકલ ટેરિફની અસર નહીંવત જોવા મળવાની સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ) દ્વારા ધારણાં મૂકવામાં આવી છે. ભારતની નિકાસ પર અમેરિકા ૧૫થી ૨૦ ટકાની રેન્જમાં ટેરિફ લાગુ કરશે તો પણ અમેરિકામાં ભારતની નિકાસ ૩થી ૩.૫૦ ટકા જેટલી ઘટવા શકયતા છે. ભારતના ઊંચા નિકાસ ટાર્ગેટને ધ્યાનમાં રાખતા આ ઘટાડો ભરપાઈ કરી શકાશે.નિકાસમાં વૈવિધ્યકરણ, વેલ્યુ એડિશનમાં વધારો અને નવા વેપાર માર્ગોની શોધ ભારત માટે ટેકારૂપ બની રહેશે. નાણાં વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ નિકાસના ૧૭.૭૦ ટકા સાથે અમેરિકા ભારતનું સૌથી મોટું નિકાસ મથક રહ્યું હતું.

# ઉચાળા ભરી રહેલા વિદેશી રોકાણકારો ટૂંકા ગાળામાં પરત ફરવાની શકયતા નહીંવત



મુંબઈ ૨૦૨૪ના ઓક્ટોબરથી ભારતીય ઈક્વિટીસમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ)ની ચાલુ થયેલી વેચવાલી ૨૦૨૫માં પણ ચાલુ રહી છે એટલું જ નહીં ભારતમાંથી રોકાણ પાછા ખેંચીને વિદેશી રોકાણકારો ચીનની બજારમાં નાણાં ઠાલવી રહ્યાનું જોવા મળી રહ્યું છે.

ગયા વર્ષના ઓક્ટોબરથી અત્યારસુધીમાં ભારતીય ઈક્વિટી કેસમાં વિદેશી રોકાણકારોની રૂપિયા ૨,૯૩,૯૫૫ કરોડની નેટ વેચવાલી આવી છે. ભારતીય બજારોમાં એફઆઈઆઈની જંગી વેચવાલી જોવા મળી રહી છે ત્યારે બીજી બાજુ પોતાના અર્થતંત્રને બેઠું કરવા ચીન સરકાર સતત સ્ટીમ્યુલ્સ જાહેર કરી રહી છે.

જાન્યુઆરી ૨૦૨૪થી સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી એમએસસીઆઈ ઈન્ડિયા ઈન્ડેક્સ સતત વધી રહ્યો હતો અને આ ગાળા દરમિયાન એમએસસીઆઈ ચીન ઈન્ડેક્સ કરતા તેની કામગીરી સારી રહી હતી. જો કે ત્યારબાદ એટલે કે ઓક્ટોબર, ૨૦૨૪થી એમએસસીઆઈ ચીન ઈન્ડેક્સ ભારતના એમએસસીઆઈ ઈન્ડેક્સને પાર કરી ગયો છે એમ એક સ્ટોક બ્રોકિંગ હાઉસના રિપોર્ટમાં જણાવાયું છે.

ચીનના શેરબજારોમાં સ્ટોક્સ હાલમાં મધ્યમથી લાંબા ગાળાનો રોકાણની દ્રષ્ટિએ આકર્ષક મૂલ્યાંકને પ્રાપ્ત થઈ રહ્યા છે. કેટલાક હેજ ફન્ડો અને ઊંચા જોખમ લેવાના વ્યૂહ ધરાવતા ફન્ડોના નાણાં ચીન તરફ વળી રહ્યા હોવાનો રિપોર્ટમાં દાવો કરાયો છે. ૨૦૨૫ના કેલેન્ડર વર્ષમાં અત્યારસુધી એમએસસીઆઈ ઈન્ડિયા તથા એમએસસીઆઈ ચીન ઈન્ડેક્સ અન્ય મોટા વૈશ્વિક શેરબજારો જેમ કે, યુકે, જાપાન, દક્ષિણ કોરિઆ, ફ્રાન્સની સરખામણીએ નબળા જોવા મળી રહ્યા છે. થાઈલેન્ડને બાદ કરતા દરેક મુખ્ય ઊભરતી બજારોમાં એફઆઈઆઈનો નાણાં પ્રવાહ વર્તમાન મહિનામાં નેગેટિવ રહ્યો છે.

# રૂપિયામાં બેતરફી ઉછળકુદઃ ડોલર તૂટયા પછી ફરી વધી રૂ.૮૬.૮૯ બોલાયો



મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવમાં બેતરફી ઉછળકુદ જોવા મળી હતી. ડોલરના ભાવ આરંભમાં ઝડપી નીચા ઉતર્યા પછી ફરી ઉંચકાયા હતા. શેરબજાર આજે દિવસ દરમિયાન બપોર સુધીથી ઘટયા પછી ફરી ઉંચકાતાં તેની અસર કરન્સી બજાર પર દેખાઈ હતી.

રૂપિયા સામે ડોલરના ભાવ રૂ.૮૬.૮૪ વાળા આજે સવારે રૂ.૮૬.૬૯ ખુલ્યા પછી નીચામાં ભાવ રૂ.૮૬.૬૮ થયા પછી ભાવ ફરી ઉછળી ઉંચામાં રૂ.૮૬.૮૯ થઈ છેલ્લે બંધ ભાવ રૂ.૮૬.૮૭ રહ્યા હતા. રૂપિયો ઉંચકાયા પછી ફરી તૂટયો હતો. જાપાનના જીડીપીના ડેટા સારા આવ્યા હતા તથા વિશ્વ બજારમાં ડોલર સામે જાપાનીઝ યેનના ભાવ વધ્યા હતા.મુંબઈ બજારમાં ગયા સપ્તાહમાં ડોલર સામે રૂપિયો ઝડપી ઉંચકાતાં વિતેલું સપ્તાહ રૂપિયા માટે પાછલા ૧૯ મહિનાનું શ્રેષ્ઠ સપ્તાહ બન્યું હતું. દરમિયાન, વિશ્વ બજારમાં વિવિધ પ્રમુખ કરન્સીઓ સામે ડોલરનો વૈશ્વ કિ ઈન્ડેક્સ આજે ૦.૧૫ ટકા વધ્યો હતો. આ ઈન્ડેક્સ નીચામાં૧૦૬.૬૨ તથા ઉંચામાં ૧૦૬.૯૦ થઈ ૧૦૬.૮૭ રહ્યાના સમાચાર હતા. મુંબઈ બજારમાં રૂપિયા સામે બ્રિટીશ પાઉન્ડનાભાવ ૯ પૈસા વધી ઉંચામાં ભાવ રૂ.૧૦૯.૪૯ થઈ છેલ્લે બંધ ભાવ ૧૦૯.૩૯ રહ્યા હતા. જો કે યુરોપીયન કરન્સી યુરોના ભાવ બેતરફી વધઘટ વચ્ચે ફરતા રહ્યા હતા. યુરોના ભાવ રૂ.૯૧ વાળા ઉંચામાં રૂ.૯૧.૧૪ તથા નીચામાં રૂ.૯૦.૯૪ થઈ છેલ્લે રૂ.૯૦.૯૯ રહ્યા હતા. રૂપિયા સામે જાપાનની કરન્સી આજે ૦.૬૭ ટકા ઉછળી હતી. જ્યારે ચીનની કરન્સી ૦.૦૩ ટકા નજીવી પ્લસમાં રહ્યાના નિર્દેશો હતા. અમેરિકાના પ્રમુખ ટ્રમ્પની ટેરીફ વિષયક નીતિઓ તથા રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ સમાપ્તિ વિષયક પ્રગતી કેવી રહે છે તેના પર કરન્સી બજારના ખેલાડીઓની નજર રહી હતી.

## ૧૪મી વાર્ષિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી



**સ્વ.ડો.પ્રદિપભાઈ હરીશભાઈ રાવલ**
**સ્વ.તા.૧૯/૨/૨૦૧૧ શનિવાર**

નથી હાજર પણ, સાથે છો તમે તેમ લાગ્યા કરે છે. હર પલ તમારા હોવાનો આભાસ થયા કરે છે. પણ મારી યાદો માં સતત તમારા દર્શન થયા કરે છે. પ્રભુ તમારી આત્મા ને શાંતિ આપે.

**ગં.સ્વ.સરોજબેન પ્રદિપભાઈ રાવલ**
**પંકજભાઈ પ્રદિપભાઈ રાવલ**
**મયુરભાઈ પ્રદિપભાઈ રાવલ**
**તથા રાવલ પરિવાર - માધાપર**

# ૪૨ વર્ષથી અવિરત સેવાકાર્યો કરતા સરગમ પરિવારના સભ્ય બનવાની સોનેરી તક

## ૧ માર્ચથી સભ્ય નોંધણી ઝુંબેશ શરુ થશેઃ નજીવી ફીમાં વર્ષ દરમિયાન ૧૦ કાર્યક્રમોની આપવામાં આવશેઃ સામાજિક, સાંસ્કૃતિક, આરોગ્ય, શિક્ષણ સહિતના ક્ષેત્રમાં સરગમી સેવાનો ચાલી રહ્યો છે યજ્ઞ

પત્રકાર પરિષદમાં માહિતી આપતા સરગમના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા

સામાજિક, સાંસ્કૃતિક, આરોગ્ય, શિક્ષણ સહિતના ક્ષેત્રમાં છેલ્લા ૪૨ વર્ષથી કાર્યરત સેવાભાવી સંસ્થા સરગમ ક્લબના સભ્ય બનીને આખુ વર્ષ વિવિધ કાર્યક્રમો માણવાની સોનેરી તક રાજકોટવાસીઓ માટે આવી છે. સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા અને મંત્રી મૌલેશભાઈ ઉકાણીએ પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું છે કે, પહેલી એપ્રિલથી સરગમ ક્લબનું નવું વર્ષ શરુ થશે અને એ પહેલા ૧/૦૩/૨૫ થી ૩૧/૦૩/૨૫ સુધી સભ્ય નોંધણી થશે. ગત વર્ષે સરગમ પરિવારમાં ૧૫ હજારથી વધુ મેમ્બરો નોંધાયા હતા અને આ વખતે સંખ્યામાં વધારો થશે તેવી આશા પણ તેઓએ વ્યક્ત કરી હતી.

ગુણવંતભાઈ ડેલાવાળાએ જણાવ્યું છે કે, સરગમ ક્લબની સ્થાપનાના ૪૨ વર્ષ પુરા થયા છે અને અને હજુ આવનારા વરસો સુધી તેની વિવિધ ક્ષેત્રની સેવાકીય પ્રવૃતિઓ ચાલુ રહેવાની છે. સરગમ ક્લબ શહેરમાં વિવિધ પ્રકલ્પોનું સંચાલન કરે છે. ગુજરાત રાજ્યના યુવક સેવા અને સંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ દ્વારા નિર્મિત હેમુ ગઢવી હોલનું સંચાલન છેલ્લા ૨૫ વર્ષથી કરે છે. આ ઉપરાંત મહાનગરપાલિકા નિર્મિત રામનાથપરા મુક્તિધામનું સંચાલન ૩૦ વર્ષથી, મહાનગરપાલિકા નિર્મિત ઈન્ડોર સ્ટેડીયમનું સંચાલન ૧૫ વર્ષથી અને કલેકટર તંત્ર દ્વારા નિર્મિત ઇવનિંગ પોસ્ટનું સંચાલન ૧૦ વર્ષથી કરે છે. છેલ્લા ૧૮ વર્ષથી જયપુર ફુટનો દર મહીને કેમ્પ પણ યોજવામાં આવે છે.

ગુણવંતભાઈ ડેલાવાળાએ કહ્યું છે કે, રાજકોટમાં સરગમ પરિવારના સભ્ય હોવું એ એક ગૌરવ ગણાય છે અને તેથી જ મોટી સંખ્યામાં ભાઈ-બહેનો અને બાળકો સભ્ય તરીકે નોંધાય છે. આ વરસે પણ સરગમ પરિવારના સભ્ય બનવા માટે જાહેરાત કરવામાં આવી છે.

સરગમ ક્લબના સભ્યો બનાવવા માટે મેમ્બરશીપની માહિતી ચિલ્ડ્રન ક્લબઃ




સરગમ ચિલ્ડ્રન ક્લબની ફી એક વર્ષના ૫૦૦ રૂપિયા છે અને વર્ષના ૧૦ કાર્યક્રમો જેમાં વોટર પાર્ક અને ફનવર્લ્ડની પીકનીક ઉપરાંત જાદુ શો અને ફિલ્મ શો જેવા કાર્યક્રમો માણવા મળશે.

લેડીઝ ક્લબઃ લેડીઝ ક્લબમા જોડાવા માટે એક વર્ષની ફી ૬૫૦ રૂપિયા છે અને વર્ષ દરમિયાન નાટક, સંગીત સંધ્યા, હસાયરો જેવા ૧૦ કાર્યક્રમો આપવામાં આવશે.

સિનિયર સીટીઝનઃ સિનીયર સિટીઝન ક્લબનાં સભ્ય બનવા માટે એક વર્ષની ફી ૭૫૦ છે જયારે કપલ ફી ૧૫૦૦ રૂપિયા છે અને વર્ષ દરમિયાન નાટક, સંગીત સંધ્યા, હસાયરો જેવા ૧૦ કાર્યક્રમો આપવામાં આવશે.

કપલ ક્લબઃ કપલ ક્લબના સભ્ય બનવા માટે એક વર્ષની ફી ( બે વ્યક્તિ) ૧૫૦૦ રૂપિયા છે અને વર્ષ દરમિયાન નાટક, સંગીત સંધ્યા, હસાયરો જેવા ૧૦ કાર્યક્રમો આપવામાં આવશે.

જેન્ટસ ક્લબઃ જેન્ટ્સ ક્લબની એક વર્ષની ફી ૭૫૦ રૂપિયા છે એક વર્ષ દરમિયાન નાટક, સંગીત સંધ્યા, હસાયરો જેવા ૧૦ કાર્યક્રમો આપવામાં આવશે.આ તમામ સભ્યોનું નવું વર્ષ ૧/૪/૨૫ થી ૩૧/૩/૨૬ સુધીનું રહેશે. સભ્ય બનવા માટેના ફોર્મ તા. ૧/૩/૨૫ થી ૩૧/૩/૨૫ સુધી ભરવામાં આવશે. આ ફોર્મ જાગનાથ મંદિર ચોકમાં આવેલી સરગમ ક્લબની ઓફિસે ભરવાના રહેશે.

ઈવનીંગ પોસ્ટઃ રાજકોટ કલેકટર તંત્ર દ્વારા નિર્મિત સિનીયર સિટીઝન પાર્ક ઇવનિંગ પોસ્ટમાં સભ્ય બનવા માટે એક વર્ષની ફી માત્ર ૨૦૦ રૂપિયા છે અને દર અઠવાડિયે ચાર કાર્યક્રમ યોજવામાં આવે છે. સિનિયર સીટીઝન ઈવનીંગ પોસ્ટ ની ઓફિસ બેંક ની બાજુ માં, સિનિયર સીટીઝન પાર્ક, ઝુબેલી ગાર્ડનની સામેનો રોડ, રાજકોટ.ઈવનીંગ પોસ્ટ મેમ્બરશીપ નું ફોમ ભરીને ત્યાં જ આપવાનું રહેશે જેની નોંધ લેવી.

ઈન્ડોર સ્ટેડિયમ છ માસિક મેમ્બરશીપઃ ઈન્ડોર સ્ટેડિયમ માં તા. ૧૫ ૨૫/૦૩/પછી છ માસિક મેમ્બરશીપ ફોર્મ ભરવાનું શરૂ થશે.

બેડમિન્ટન - ૧૫૦૦-/, ટેબલ ટેનીશ - ૭૫૦./, જીમ -૧,૦૦૦/- જુડો ૪૦૦./, ટેક વોન્ડો /, જીમનાસ્ટીક - ૬૦૦./, લેડીઝ હેલ્થ - ૮૦૦-/, કેરમ - ૪૦૦-/, ચેસ ૬૦૦ /આ ફી છ મહિનાની ફી છે. એપ્રિલ થી સપ્ટેમ્બર સુધી ની ફી રહેશે ગુણવંતભાઈ ડેલાવાળાએ કહ્યું હતું કે, હાલના સભ્યો માટે વર્ષના છેલ્લા કાર્યક્રમ ઘડી કાઢવામાં આવ્યા છે. જેમાં નાટક, શ્રીનાથજીની ઝાંખી, સાથે સંગીત સંધ્યા, બાળકો માટે પીકનીક વગેરેનો સમાવેશ થાય છે.

હાલના સભ્યો માટે છેલ્લો કાર્યક્રમ નાટ્ય શોઃ સરગમ પરિવારના હાલના સભ્યો માટે વર્ષના છેલ્લા કાર્યક્રમ સ્વરૂપે મુંબઈના ફૂલ કોમેડી નાટક ' લવ કરતા લફ્ડુ થયુ' નું આયોજન કરવામાં આવ્યું છે. આસિફ પટેલ નિર્મિત અને જય કાપડિયા, મમતા ભાવસાર, શકુંત જોશીપુરા, જીજ્ઞા ત્રિવેદી અને ધ્રુવ બારોટ અભિનિત આ નાટક ચૂકવા જેવું નથી.લેડીઝ ક્લબના સભ્ય નંબર ૧ થી ૧૦૦૦ માટે આ નાટકનો શો તા. ૨૨/૨/૨૫ને શનિવારે બપોરે ૩/૩૦ થી ૬/૦૦ દરમિયાન અને સભ્ય નંબર ૧૦૦૧ થી ૨૦૦૦ માટે તા. ૨૪/૨/૨૫ને સોમવારે ૩/૩૦ થી ૬/૦૦ દરમિયાન રાખ્યો છે.કપલ ક્લબના સભ્ય નંબર ૧ થી ૧૦૦૦ માટે આ નાટક તા. ૨૨/૨/૨૫ ને શનિવારે રાત્રે ૧૦/૦૦ થી ૧૨/૩૦ દરમિયાન, સભ્ય નંબર ૧૦૦૧ થી ૨૦૦૦ માટે તા. ૨૩/૨/૨૫ ને રવિવારે ૧૦/૦૦ થી ૧૨/૩૦ દરમિયાન, સભ્ય નંબર ૨૦૦૧ થી ૩૦૦૦ માટે તા. ૨૪/૨/૨૫ ને સોમવારે રાત્રે ૧૦/૦૦ થી ૧૨/૩૦ દરમિયાન અને સભ્ય નંબર ૩૦૦૧ થી ૪૧૦૦ માટે તા. ૨૫/૨/૨૫ ને મંગળવારે રાત્રે ૧૦/૦૦ થી ૧૨/૩૦ વચ્ચે રાખ્યો છે.સિનીયર સિટીઝન ક્લબના સભ્ય સંખ્યા નંબર ૧ થી ૧૩૫૦ માટે આ નાટકનો શો તા.૨૩/૨/૨૫ને રવિવારે સાંજે ૫/૩૦ થી ૮/૦૦ દરમિયાન રાખવામાં આવ્યો છે.જેન્ટસ ક્લબનાં સભ્ય સંખ્યા નંબર ૧ થી ૪૦૦ માટે ઉપરાંત આમંત્રિતો, અધિકારીઓ અને દાતાઓ માટે આ નાટ્ય શો તા. ૨૬/૨/૨૫ ને બુધવારે રાત્રે ૧૦/૦૦ થી ૧૨/૩૦ દરમિયાન રાખ્યો છે.

ચિલ્ડ્રન ક્લબ માટે પીકનીકઃ સરગમ ચિલ્ડ્રન ક્લબના સભ્ય નંબર ૧૦૦૧ થી ૨૧૦૦ માટે તા. ૨૩/૨/૨૫ ને રવિવારે સવારે ૮/૩૦ થી ૧૦/૩૦ દરમિયાન ફનવર્લ્ડ (રેસકોર્સ) ની પીકનીક રાખવામાં આવી છે. અને સભ્ય નંબર ૧ થી ૧૦૦૦ મેમ્બર ની અગાઉ ફનવર્લ્ડ (રેસકોર્સ)ની પીકનીક રાખવામાં આવી હતી.

ભારતીય જનતા પાર્ટીની સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં જીતને વધાવતું

# શહેર ભાજપ કિશાનપરા ચોક ખાતે ભવ્ય આતશબાજીનો કાર્યક્રમ યોજાયો

## શહેર ભાજપના નેતાઓ, હોદ્દેદારો, કાર્યકર્તાઓ સહિત મહિલા કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી મીઠાઇ વહેંચી મોંઢા મીઠા કર્યા



રાજકોટઃ માન. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ભારતીય જનતા પાર્ટી સમગ્ર વિશ્વમાં સૌથી મોટી રાજકીય પાર્ટી તરીકે ઉપસી આવી છે અને ભારત દેશના નાગરિકો ભારતીય જનતા પાર્ટી ઉપર વિશ્વાસ મુકી રહી છે. આજે ભારતીય જનતા પાર્ટીનો મોટો કાર્યકતા હોય કે નાનો કાર્યકર્તા સૌ સાથે મળીને દેશના વિકાસમાં છેવાડાના માનવીને સાથે રાખીને માન. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પગલે ચાલી દેશના વિકાસમાં યોગદાન આપી રહ્યો છે. આજે સામાન્ય નાગરિકથી માંડીને ઉધોગપતિ, વેપારી, પ્રબુધ્ધ નાગરિકો અને સમાજના આગેવાનોને સાથે રાખી દેશને દરેક ક્ષેત્રમાં વિકાસ થાય તેવા આશયથી ભાજપનો કાર્યકતી કામગીરી સંભાળી રહયો છે. તેનું તાજુ ઉદાહરણ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો ઠેર ઠેર ચુંટાઇ રહયા છે.

જુનાગઢ મહાનગરપાલિકાની ચુંટણીમાં રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઇ દોશીને પ્રદેશ ભાજપમાંથી જવાબદારી સોંપવામાં આવેલ હતી. આ ચુંટણીના મુખ્ય ઇન્ચાર્જ તરીકે શહેર ભાજપ મહામંત્રી ડો.માધવ દવે અને સહઈન્ચાર્જ તરીકે શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમભાઇ પુજારા, શહેર ભાજપ ઉપપ્રમુખ રાજદીપસિંહ જાડેજાની આગેવાનીમાં આ ચુંટણી પ્રચાર માટે રાજકોટ શહેર ભાજપના હોદ્દેદારો સહિત કાર્યકર્તાઓને ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય થાયતે માટે મોકલવામાં આવ્યા હતા. સ્થાનિક સ્વરાજની જુનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય થયો હોય. રાજકોટ શહેર ભાજપના પ્રમુખ મુકેશભાઇ દોશીએ આ જીતને વધાવવા શહેર ભાજપ દ્વારા કિશાનપરા ચોક ખાતે ફટાકડા ફોડી આતશબાજીનો કાર્યક્રમ કરવામાં આવેલ હતો. આ તકે મીઠાઇ વહેંચી સૌ કોઇના મોઢા મીઠા કરવામાં આવેલ હતા.

આ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, મહામંત્રી અશ્વિન મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડીંગ કમીટી ચેરમેન જયમીનભાઇ ઠાકર, દંડક મનીષ રાડીયા, મેયર નયનાબેન પેઢડીયા, પૂર્વ મેયર ડો. પ્રદિપ ડવ. શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ. સહિતના કાર્યકર્તા બહેનો સહિતના શહેર ભાજપના તમામ શ્રેણીના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# ખેલ મહાકુંભ ૩.0માં સૌરાષ્ટ્ર ઝોન કક્ષાની બાસ્કેટ બોલની સ્પર્ધામાં ભાવનગર ગ્રામ્યની ટીમ વિજેતા



રાજકોટઃ રાજયમાં હાલ ચાલી રહેલા ખેલ મહાકુંભ ૩.0 અંતર્ગત રાજયમાં વિવિધ સ્પર્ધાઓ ચાલી રહી છે. જે અન્વયે રાજકોટમાં આજે સૌરાષ્ટ્ર ઝોન કક્ષાની અંડર ૧૪ ભાઈઓની બાસ્કેટ બોલની ફાઈનલ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં રાજકોટ ગ્રામ્યની ટીમને ૧૭/૪૭થી હરાવીને ભાવનગર ગ્રામ્યની ટીમ વિજેતા બની હતી.

રાજકોટ મહાનગર પાલિકાના બાસ્કેટબોલ કોર્ટ ખાતે આજે સવારે સાત વાગ્યાથી આ સ્પર્ધા શરૂ થઈ હતી, જેમાં કુલ આ ૧૩ ટીમોએ ભાગ લીધો હતો. ઝોન કક્ષાએ ફાઈનલમાં વિજેતા ભાવનગર ગ્રામ્યની ટીમ હવે એપ્રિલમાં યોજાનારી રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે, તેમ જિલ્લા રમત વિકાસ અધિકારી સુશ્રી રમા મદ્રા દ્વારા જણાવાયું છે.

# રાજકોટ ડિવિઝનમાં ડબલ ટ્રેકના કામને કારણે ૪ માર્ચ સુધી રેલ ટ્રાફિક પ્રભાવિત

રાજકોટ ડિવિઝનમાં રાજકોટ-હાપા સેક્શનમાં સ્થિત પડધરી-ચણોલ-હડમતિયા ખાતે ડબલ ટ્રેકના કામ માટે બ્લોક લેવામાં આવશે, જેના કારણે ૨૦ ફેબ્રુઆરીથી ૪ માર્ચ. ૨૦૨૫ સુધી રેલ ટ્રાફિક પ્રભાવિત થશે. અસરગ્રસ્ત ટ્રેનોની વિગતો નીચે મુજબ છે

રદ કરાયેલી ટ્રેનોઃ ટ્રેન નં. ૫૯૫૫૧ રાજકોટ-ઓખા લોકલ ૨૦.0૨ થી 0૩.0૩ સુધી રદ. ટ્રેન નંબર ૫૯૫૫૨ ઓખા-રાજકોટ લોકલ ૨૧.0૨ થી 0૪.0૩ સુધી રદ. ટ્રેન નંબર 0૯૫૨૫ હાપા-નાહરલગુન સ્પેશિયલ ૨૬.0૨ના રોજ રદ. ટ્રેન નં. 0૯૫૨૬ નાહરલગુન-હાપા સ્પેશિયલ 0૧.0૩ ના રોજ રદ.

આંશિક રીતે રદ થયેલી ટ્રેનોઃ ટ્રેન નંબર ૧૯૨0૯ ભાવનગર-ઓખા એક્સપ્રેસ ૧૯.0૨ થી 0૨.0૩ સુધી ભાવનગરથી સુરેન્દ્રનગર સુધી દોડશે. આ રીતે આ ટ્રેન સુરેન્દ્રનગર-ઓખા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.ટ્રેન નંબર ૧૯૨૧0 ઓખા-ભાવનગર એક્સપ્રેસ ૨0.0૨ થી 0૩.0૩ સુધી સુરેન્દ્રનગરથી ભાવનગર સુધી દોડશે. આ રીતે આ ટ્રેન ઓખા-સુરેન્દ્રનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.ટ્રેન નં. ૨૨૯૫૯ વડોદરા-જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ ૨0.0૨ થી 0૩.0૩ સુધી વડોદરાથી રાજકોટ દોડશે. આ રીતે આ ટ્રેન રાજકોટ-જામનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.ટ્રેન નં. ૨૨૯૬0 જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ ૨૧.0૨ થી 0૪.0૩ સુધી રાજકોટથી વડોદરા દોડશે. આ રીતે આ ટ્રેન જામનગર-રાજકોટ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.


રીશેડ્યૂલ કરાયેલી ટ્રેનોઃ ટ્રેન નંબર ૨૨૯૬૯ ઓખા-બનારસ એક્સપ્રેસ ૨૭.0૨ ના રોજ ઓખાથી ૨ કલાક મોડી એટલે કે ૧૬.0૫ વાગ્યે રવાના થશે.ટ્રેન નં. ૧૫૬૩૫ ઓખા-ગુવાહાટી એક્સપ્રેસ ૨૧.0૨ અને ૨૮.0૨ ના રોજ ઓખાથી ૩કલાક 30 મિનિટ મોડી એટલે કે ૧૫.૪૫ વાગ્યે ઉપડશે.માર્ગ માં રેગ્યુલેટ (મોડી થનાર) ટ્રેનો ટ્રેન નંબર ૧૨૨૬૮ હાપા-મુંબઈ સેન્ટ્રલ દુરંતો એક્સપ્રેસ ૨0.0૨ થી 0૩.0૩ સુધી માર્ગ માં ૧૫ મિનિટ માટે રેગ્યુલેટ કરવામાં આવશે.

૧૯.0૨.૨0૨૫ ના રોજ સિકંદરાબાદથી ઉપડતી ટ્રેન નંબર ૨0૯૬૭ સિકંદરાબાદ-પોરબંદર એક્સપ્રેસ રાજકોટ સુધીના માર્ગ માં ૩૩ મિનિટ અને રાજકોટ-હાપા વચ્ચે ૨0 મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે.૨૬.0૨.૨0૨૫ ના રોજ સિકંદરાબાદથી ઉપડતી ટ્રેન નં. ૨0૯૬૭ સિકંદરાબાદ-પોરબંદર એક્સપ્રેસ રાજકોટ સુધીના માર્ગ માં ૨ કલાક 0૩ મિનિટ અને રાજકોટ-હાપા વચ્ચે ૨0 મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે.૨૩.0૨.૨0૨૫ ના રોજ શ્રી માતા વૈષ્ણોદેવી કટરાથી રવાના થતી ટ્રેન નંબર ૧૨૪૭૮ શ્રી માતા વૈષ્ણોદેવી કટરા-જામનગર એક્સપ્રેસ રાજકોટ સુધીના માર્ગ માં ૨ કલાક 0૮ મિનિટ અને રાજકોટ-હાપા વચ્ચે ૨0 મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે. ૨૪.0૨.૨0૨૫ ના રોજ શ્રી માતા વૈષ્ણોદેવી કટરાથી રવાના થતી ટ્રેન નંબર ૧૨૪૭૬ શ્રી માતા વૈષ્ણોદેવી કટરા-હાપા એક્સપ્રેસ રાજકોટ સુધીના માર્ગ માં ૨ કલાક ૨૮ મિનિટ અને રાજકોટ-હાપા વચ્ચે ૨0 મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે.

# સ્થાનીક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપની ભવ્ય જીતને આવકારી અભિનંદન પાઠવતા ધારાસભ્ય ઉદય કાનગડ

## રાષ્ટ્રવાદી વિચારધારા અને વિકાસની રાજનિતીની જીત ગુજરાત પ્રદેશમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં સવત્ર કમળ ખીલ્યું જનતા જનાર્દનનો જાહેર આભાર વ્યક્ત કરતા ઉદય કાનગડ

રાજકોટઃ ગુજરાત પ્રદેશમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં સવત્ર કેસરીયો છવાયો છે અને જુનાગઢ મહાનગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય થયો છે ત્યારે ભાજપની ભવ્ય જીતને આવકારી દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા, ગૃહમંત્રી અમિતભાઈ શાહ, રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલજીને અભિનંદન પાઠવતા ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવ્યું હતું કે જુનાગઢ મહાનગરપાલિકા, ૬૮ નગરપાલિકાઓ, ગાંધીનગર, કઠલાલ, કપડવંજ તાલુકા પંચાયતોની સામાન્ય અને મધ્યસત્ર ચૂંટણી તથા સ્વરાજયના એકમોની ખાલી પડેલ બેઠકોની પેટાચૂંટણીઓ સંપન્ન થઈ છે, જેમાં સમગ્ર ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની અને નગરપાલિકાની ચૂંટણીમાં મતદાતાઓએ રાષ્ટ્રવાદી વિચારધારા અને વિકાસની



રાજનિતીને વરેલી ભારતીય જનતા પાર્ટી ને જબ્બર સમર્થન આપીનેખોબલે ખોબલે મત આપ્યા છે અને સવત્ર કમળ ખીલ્યુ છે અને કેસરીયો લહેરાયો છે.મતદાતાઓએ વિકાસની રાજનિતીને વરેલી ભારતીય જનતા પાર્ટીને અભૂતપૂર્વ સમર્થન આપ્યું છે.

ત્યારે વધુમાં ઉદય કાનગડએ જણાવેલ કે ૨૦૧૪માં ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દૃઢ ઈચ્છાશક્તિના દર્શન કરાવી ભારતના બંધારણમાંથી કલમ-૩૭૦ રદ કરી ડો.શ્યામાપ્રસાદ મુખરજીના બલિદાનને યાદ રાખી ભાજપના લાખો કાર્યકર્તાની અપેક્ષાઓ અને આકાંક્ષાઓ પરિપૂર્ણ કરેલ હતી, એવી જ રીતે અયોધ્યામાં ભગવાન રામના જન્મસ્થાન ઉપર ભવ્ય અને દિવ્ય રામમંદિર બનાવવાના સંકલ્પ સાથે આ ભવ્ય મંદિર કરોડો દેશવાસીઓની લાગણી, માગણીની પડધો પાડતું હોય તે રીતે લોકાપર્ણ કરવામાં આવ્યું.

આ બે અગત્યના વચન પરિપાલનના મહત્વના ઉદાહરણો વચ્ચે દેશની ઉન્નતિના કાર્યોની એક લાંબી હારમાળા એક દાયકામાં ઉભી થઈ. શ્રી રામમંદિરનું નિર્માણ, જમ્મુ-કાશ્મીરમાંથી કલમ-૩૭૦ની નાબૂદી, લદાખ કેન્દ્ર શાસિત પ્રદેશ, દેશ વિશ્વનું પાંચમું અર્થતંત્ર બન્યો, નાગરિકતા સંશોધન કાયદો, નવા સંસદભવનનું નિર્માણ, જી-૨૦ની અધ્યક્ષતા, યુવાનો માટે નવા સ્ટાર્ટઅપ અને શિક્ષણ-વ્યવસ્થા, કૃષિ, મહિલાઓ, વિદ્યાર્થીઓ, આરોગ્ય વગેરે માટે નવતર યોજનાઓ, અંતરિક્ષ ક્ષેત્રે ભારતનો ધ્વજ લહેરાયો, આંતરિક અને બાહય સુરક્ષા મજબૂત બની, સર્જિકલ સ્ટ્રાઈકથી દુશ્મનોને માત, સાથે જ શ્રેષ્ઠ કૂટનીતિ ધ્વારા અનેક રાષ્ટ્રો સાથે મૈત્રી, વેપાર અને આર્થિક સંબધો બન્યા, પાકિસ્તાનને એકલું અટુલું પાડી આતંકવાદ વિરોધી વૈશ્વિક અભિયાન થયાં, છેવાડાના માનવીનો વિકાસ નિશ્ચિત બન્યો, માળખાકિય સુવિધાઓ શ્રેષ્ઠ બની અને સાંસ્કૃતિક ગૌરવ વધ્યું.

આમ વિશ્વના લોકપ્રિય નેતા નરેન્દ્રભાઈ મોદી તથા રાજયની ડબલ એન્જિન સરકારના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિકાસ યાત્રાને આગળ ધપાવવા મતદારોએ સ્થાનીક સ્વરાજયની ચૂંટણી તેમજ જુનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણીમાં જનતાએ કમળતરફી મનાવી સર્વાંગિ અને સર્વગ્રાહી વિકાસ માટે ભાજપના ઉમેદવારોને ખોબલે-ખોબલે મત આપીને વિજેતા બનાવેલ છે.

## હેવી ગૂડ્સ વ્હીકલ માટે GJ-03-BZ અને GJ-03-CU સીરીઝનું રી-ઓકશન

રાજકોટઃ રાજકોટ પ્રાદેશિક વાહન વ્યવહારની કચેરી દ્વારા HGV (હેવી ગૂડ્સ વ્હીકલ), ટ્રાન્સપોર્ટ વાહનો માટે GJ-03-BZ અને GJ-03-CU સીરીઝનું રી-ઓકશન તા. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૫થી શરૂ કરવામાં આવશે. આથી, ગોલ્ડન, સિલ્વર કે અન્ય પસંદગીના નંબર મેળવવા ઇચ્છુકે http://parivahan.gov.in/fancy પર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાનું રહેશે.

ઈ-ઓક્શનમાં ગોલ્ડન, સિલ્વર કે અન્ય નંબરો મેળવવા માટે તા. ૨૧ ફેબ્રુઆરીથી તા. ૨૫ ફેબ્રુઆરી દરમિયાન ઓનલાઈન એપ્લીકેશન કરવાની રહેશે. તેમજ તા. ૨૫ ફેબ્રુઆરીથી તા. ૨૭ ફેબ્રુઆરીના રોજ સાંજે ૦૪ કલાક સુધી ઓનલાઈન ઓકશનમાં બિડિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ કચેરીમાં ફોર્મ જમા કરાવવાના રહેશે.

ઉલ્લેખનીય છે કે ઉમેદવારે રજીસ્ટ્રેશન કરવા સૌ પ્રથમ parivahan.gov.in પર જઈને ઓનલાઇન સર્વિસ પર ક્લિક કરવું, ત્યારબાદ fancy number booking પર ક્લિક કરીને પબ્લિક યુઝર પસંદ કરીને આઈ.ડી. બનાવવું. ત્યારપછી સી.એન.એ. ફોર્મ ઓનલાઇન ભરવું અને પસંદગીના નંબરમાં દર્શાવેલી ઓછામાં ઓછી ફી ભરવી. જેના બાદ હરાજીમાં ભાગ લઈને નંબર મેળવ્યા બાદ ૫ દિવસમાં હરાજીની બાકીની રકમ ભરવી. બાદમાં આર.ટી.ઓ.ની અપ્રુવલ લઈ નંબર મેળવવાનો રહેશે. આ માટે વાહનનું રજીસ્ટ્રેશન કરાયેલું હોવું જરૂરી છે. અરજદારે વાહન ખરીદીના સાત દિવસમાં સી.એન.એ. ફોર્મ ભરવું ફરજીયાત છે. સમય મર્યાદા બહારની અરજી માન્ય ગણવામાં આવશે નહીં, તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, રાજકોટની યાદીમાં જણાવાયું છે.


## લોધીકા તાલુકાની વિરવા અને ધુડીયાદોમડા પ્રાથમિક શાળાઓમાં મધ્યાહ્ન ભોજન યોજના કેન્દ્રના સંચાલકની ભરતી કરાશે

રાજકોટ:રાજકોટ જિલ્લાના લોધીકા તાલુકાની વિરવા પ્રાથમિક શાળા અને ધુડીયાદોમડા પ્રાથમિક શાળા ખાતે સરકારે નિયત કરેલા ધોરણો મુજબના માસિક માનદ વેતનથી ખંડ સમય માટે તદન હંગામી ધોરણે મધ્યાહ્ન ભોજન યોજનાના કેન્દ્રના સંચાલકની નિયુક્તિ કરવાની છે. આથી, નિયત લાયકાત અને વય મર્યાદા ધરાવતા ઉમેદવારો આ જગ્યા માટે અરજી કરી શકશે. ઉમેદવારે અરજી ફોર્મ મામલતદાર કચેરી, લોધીકા (મધ્યાહ્ન ભોજન યોજના શાખા) ખાતે કામકાજના દિવસો દરમિયાન તેમનું આઈ.ડી. પ્રુફ રજૂ કરીને મેળવી લેવાનું રહેશે. જેમાં સંપૂર્ણ વિગતો ભરી જરૂરી આધારો/પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો સાથે તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ સુધીમાં આ કચેરી ખાતે રૂબરૂ અથવા ટપાલ થકી પહોંચાડવાનું



રહેશે. નિયત મુદ્દત બહારની અરજીઓ અમાન્ય કરવામાં આવશે.

ઉમેદવાર ઓછામાં ઓછું એસ.એસ.સી. પાસ કે તેની સમકક્ષ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ. સ્થાનિક તથા મહિલા ઉમેદવારોને અગ્રતા આપવામાં આવશે. જે-તે કેન્દ્ર માટે નિયત લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો અન્ય લાયકાત ધરાવતી વ્યક્તિને પસંદગી માટે વિચારણા કરવામાં આવશે. ઉમેદવારની ઉમર તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૬૦ વર્ષથી વધુ ના હોવી જોઈએ. વિધવા/ત્યકતા, નિરાધાર, આર્થિક રીતે નબળા વર્ગની સ્ત્રીઓ તથા ગરીબી રેખા હેઠળ જીવતી સ્ત્રીઓને અગ્રતાના ધોરણે નિમણૂંક આપવા વિચારણા કરવામાં આવશે. નિમણુંકની જાહેરાતની પ્રક્રીયામાં મોકુફ કે ફેરફાર કરવાની સંપૂર્ણ સત્તા કારણ દર્શાવ્યા વિના મામલતદાર કચેરી, લોધીકાની રહેશે.



# દિલ્હીની એઈમ્સમાં સર્જિકલ રોબોટ !

## હવે દર્દીઓ જલદી સાજા થશે અને હોસ્પિટલમાં ઓછા દિવસ રહેવું પડશે એવો દાવો

નવી દિલ્હી,તા.૧૮

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ (એઈમ્સ), દિલ્હી દ્વારા હવે સર્જરી માટે સર્જિકલ રોબોટનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. મેડિકલ ટેકનેલોજીમાં આ એક નવી પહેલ છે. ઈન્ડિયામાં જનરલ સર્જરી માટે સર્જિકલ રોબોટનો ઉપયોગ કરતી આ પહેલી હોસ્પિટલ બની છે. આ એક એડવાન્સ ટેકનેલોજી છે જેનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. સર્જિકલ રોબોટનો ફાયદો એ છે કે તે કોઈ પણ વસ્તુને તેની સાઈઝ કરતાં મોટી દેખાડી શકે છે. તેમ જ જે જગ્યાએ સર્જરી કરવાની હોય તેનો ૩-ડી વ્યૂ પણ દેખાડી શકે છે. ઉપરાંત, રોબોટિક આર્મ વડે કોઈ પણ કોમ્પ્લેક્સ જગ્યાએ સર્જરી કરી શકાય છે. ડોક્ટર ખૂબ જ ચોક્કસ રીતે અને દર્દીના અન્ય ભાગને નુક્સાન ન થાય તે રીતે સર્જરી કરી શકે છે. નાની જગ્યાએ પણ આ રોબોટિક આર્મ પહોંચી શકે છે. એઈમ્સમાં સર્જરીના પ્રોફેસર ડોક્ટર હેમાંગ ભટ્ટાચાર્જી કહે છે, આ ટેકનેલોજીની મદદથી કોલોરેક્ટલ સર્જરી, ઈસોફેગેક્ટોમિસ અને પેન્ક્રિઆટિક સર્જરી સારી રીતે કરી શકાય છે અને એનાથી કોમ્પ્લિકેશન પણ નહીંવત છે.

સર્જિકલ રોબોટની મદદથી દર્દી ઓછી દિવસોમાં જ સાજા થઈ જશે અને હોસ્પિટલમાં ઓછા સમય સુધી રહેવું પડશે. અનેક સર્જરીઓ ઓપરેશન માટે ઘણો સમય લે છે અને દર્દીના શરીરમાં વધુ પડતો કાપ મૂકવામાં આવે છે, જેના કારણે સાજા થવામાં સમય લાગે છે. જોકે, રોબોટિક આર્મના કારણે માત્ર જરૂરી જેટલો જ કાપ મૂકવામાં આવે છે, જેના કારણે સાજા થવામાં ઓછો સમય લાગશે. સમય ઓછો લાગતા દર્દીને હોસ્પિટલમાંથી જલદી છૂટો આપવામાં આવશે. આ સર્વિસ તમામ વ્યક્તિઓ માટે ઉપલબ્ધ રહેશે, માત્ર પૈસાદાર દર્દીઓને નહીં. પ્રાઈવેટ અને સરકારી હોસ્પિટલોમાં દરેક પ્રકારની ટેકનેલોજીનો સમાવેશ કરવાની કાળજી સરકાર દ્વારા લેવામાં આવશે.

એઈમ્સ, દિલ્હીમાં સર્જિકલ રોબોટને કારણે ફક્ત દર્દીઓને જ નહીં, મેડિકલ સ્ટુડન્ટ્સને પણ ફાયદો થશે. એઈમ્સ, દિલ્હીના ૧૦૦ વિદ્યાર્થીઓને આ લેટેસ્ટ ટેકનેલોજીની ટ્રેઈનિંગ આપવામાં આવી રહી છે. આથી એઈમ્સ, દિલ્હી દુનિયાની બેસ્ટ મેડિકલ ટેકનેલોજી ઈન્સ્ટિટ્યૂટમાં સામેલ થઈ ગયું છે.ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ (એઈમ્સ), દિલ્હી દ્વારા હવે સર્જરી માટે સર્જિકલ રોબોટનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. મેડિકલ ટેકનેલોજીમાં આ એક નવી પહેલ છે. ઈન્ડિયામાં જનરલ સર્જરી માટે સર્જિકલ રોબોટનો ઉપયોગ કરતી આ પહેલી હોસ્પિટલ બની છે. આ એક એડવાન્સ ટેકનેલોજી છે જેનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. સર્જિકલ રોબોટનો ફાયદો એ છે કે તે કોઈ પણ વસ્તુને તેની સાઈઝ કરતાં મોટી દેખાડી શકે છે. તેમ જ જે જગ્યાએ સર્જરી કરવાની હોય તેનો ૩-ડી વ્યૂ પણ દેખાડી શકે છે. ઉપરાંત, રોબોટિક આર્મ વડે કોઈ પણ કોમ્પ્લેક્સ જગ્યાએ સર્જરી કરી શકાય છે. ડોક્ટર ખૂબ જ ચોક્કસ રીતે અને દર્દીના અન્ય ભાગને નુક્સાન ન થાય તે રીતે સર્જરી કરી શકે છે. નાની જગ્યાએ પણ આ રોબોટિક આર્મ પહોંચી શકે છે. એઈમ્સમાં સર્જરીના પ્રોફેસર ડોક્ટર હેમાંગ ભટ્ટાચાર્જી કહે છે, આ ટેકનેલોજીની મદદથી કોલોરેક્ટલ સર્જરી, ઈસોફેગેક્ટોમિસ અને પેન્ક્રિઆટિક સર્જરી સારી રીતે કરી શકાય છે અને એનાથી કોમ્પ્લિકેશન પણ નહીંવત છે.ઓપરેશન માટે ઘણો સમય લે છે અને દર્દીના શરીરમાં વધુ પડતો કાપ મૂકવામાં આવે છે, જેના કારણે સાજા થવામાં સમય લાગે છે. જોકે, રોબોટિક આર્મના કારણે માત્ર જરૂરી જેટલો જ કાપ મૂકવામાં આવે છે, જેના કારણે સાજા થવામાં ઓછો સમય લાગશે. સમય ઓછો લાગતા દર્દીને હોસ્પિટલમાંથી જલદી છૂટો આપવામાં આવશે. આ સર્વિસ તમામ વ્યક્તિઓ માટે ઉપલબ્ધ રહેશે, માત્ર પૈસાદાર દર્દીઓને નહીં. પ્રાઈવેટ અને સરકારી હોસ્પિટલોમાં દરેક પ્રકારની ટેકનેલોજીનો સમાવેશ કરવાની કાળજી સરકાર દ્વારા લેવામાં આવશે.

# ૐ દાદા ફાઉન્ડેશન દ્વારા આત્મયોગી પરમ પૂજ્ય શ્રી ૐદાદાનો ૩૭માં જન્મોત્સવ ઉજવણી



સાંજે ૭.૩૦ ૐદાદાનું આગમન ૭.૩૫ દિપ પ્રાગટ્ય ૭.૪૫ પ્રાસંગિક પ્રવચન ૭.૫૦ પુજન અર્ચન ૮.૧૦ ધ્યાન, સત્સંગ, આશિર્વચન ૮.૪૫ સંતોનું વિશેષ ઉદ્‌બોધન રાત્રે ૯.૦૦ ૐદાદા દર્શન અને આશીર્વાદ
તારીખ ૨૧–૨–૨૦૨૫ શુક્રવાર
સમય સાંજે ૭થી રાત્રે ૯ વાગ્યે સુધી
સ્થળઃ ગીતાંજલિ હોલ, ગીતા મંદિર સામે, ભક્તિનગર સર્કલ, રાજકોટ.
કાર્યક્રમ બાદ રાત્રે ૯.૦૦ વાગ્યે મહાપ્રસાદ



રાજકોટ, તા. ૧૯ઃ ૐદાદા ફાઉન્ડેશન અને ૐભક્તો દ્વારા સનાતનના પુનઃસ્થાપનના મહાસંકલ્પને ધારણ કરનાર, ૐકારા સંપ્રદાય અને ૐકારા આર્મીના સ્થાપક સાથે ‘‘ઘર ઘર ૐ‘‘ ના પ્રણેતા, જીવદયા અને પ્રકૃતિ પ્રેમી, અનેક લોકોને આધ્યાત્મ તેમજ ધર્મની સરળતમ પદ્ધતિ અને માર્ગદર્શન દ્વારા અંધશ્રદ્ધાથી બહાર લાવી ૐ અને સનાતનની અવિશ્વાસનીય શક્તિનો પરિચય કરાવનાર એવા સરળ, સહજ વ્યક્તિત્વ કે જેમની વિચારધારા ’આત્મા એ જ પરમાત્મા’, ’કર્મ એ જ ધર્મ છે. એવા આત્મયોગી પરમ પૂજ્ય શ્રી ૐદાદાના ૩૭માં જન્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પરમ પૂજ્ય શ્રી ૐદાદા દ્વારા ધ્યાન, સત્સંગ અને આશીર્વાદ વચન પ્રદાન કરવામાં આવશે..


‘‘આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે સાધુ સંતો મહંતો પાલીતાણા કાલભૈરવ મંદિર પીઠાધીશ્વર શ્રી રમેશભાઈ શુક્લાજી, સ્વામિનારાયણ સંત શ્રી ચંદ્રપ્રકાશ સ્વામીજી, સંત શ્રી સિદ્ધેશ્વર સ્વામીજી ઉપસ્થિત રહેશે..‘‘ પૂજ્ય સદગુરુ શ્રી ૐદાદા એક આધ્યાત્મિક ગુરૂ છે જેઓ કર્મનાં સિધ્ધાંતથી વિશ્વ જીવ અને પ્રકૃતિ કલ્યાણ અર્થે સમર્પિત એવા આત્મયોગી, સરળ, સહજ બાળસમ વ્યક્તિત્વ છે. અમે સૌના,સૌ અમારાં સોનું સૌનું અર્પણ તેમજ ઘર ધર ‘‘ૐ‘‘ જેવા અદ્‌ભુત દૈવીય સંકલ્પ સાથે તેઓનો મુખ્ય ઉદેશ્ય વિશ્વ કલ્યાણ અને મૂળ સનાતન નું પુનઃ ઉત્થાન કરીને લોકોને સ્વ તરફ પાછા વાળવા ‘‘આત્મા એજ પરમાત્મા કર્મ એજ ધર્મ‘‘ ‘‘સનાતન એજ સત્ય‘‘ આવું તેઓનું માનવું છે તેઓ આત્મતત્વ તરફ લોકોને વાળી તેઓને સ્વ થી પરિચિત કરાવે છે લૌકિક-અલૌલિક અનુભતી કરાવી લોકોને સત્ય સાથે જોડાણ કરાવે છે. ૐદાદાની સમીપ જતા જ તેઓની દિવ્ય ભવ્ય આભા અને શકિતશાળી પ્રકાશપુંજથી આવનારાં દરેક પરમ સુખ શાંતિ અને અનહદ આનંદ અનુભુતિ થાય છે તેઓનાં આશિર્વાદથી અને સર્વ શકિતશાળી ‘‘ૐ‘‘ દ્વારા અપાર લોકોનાં અનેક પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન મેળવી શાંતિ કલ્યાણ વ્યસનમુક્ત હિંસામુક્ત અને માંસાહાર મુકતાં બન્યા છે આ પ્રવાહ અવિરત ચાલુ જ છે.





આ ધાર્મિક કાર્યક્રમોમાં સામાજિક સંસ્થાઓના પદાધિકારીઓ અગ્રણીઓ અને રાજકીય હોદ્દેદારો મહાનુભવાની હાજરી આપશે. સંતો મહંતો ઉપસ્થિતિ વિશેષ ઉદબોધન રહેશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા ૐદાદા ફાઉન્ડેશનના હોદ્દેદારો પ્રમુખ શ્રી મુરલીભાઈ દવે, મિતેશભાઈ દોશી, કિન્નરીબેન ચૌહાણ, રણધીરભાઈ સોનારા, એડવોકેટ હર્ષિલભાઈ શાહ, જીગ્નેશભાઈ વાગડીયા અને અન્ય સેવકગણ જેહમત ઉઠાવી રહ્યા છે.





# ખાદ્યચીજોમાં મિલાવટ છે? પાંચ મીનીટમાં ખબર પડી જશે

## ફોરેન્સીક યુનિવર્સિટીએ ટેસ્ટ કીટ વિકસાવીઃ દુધથી માંડીને મસાલા સુધીના ખાદ્યપદાર્થોની ભેળસેળ પકડાઈ જશે

અમદાવાદ,તા.૧૭

ખાદ્યચીજોમાં ભેળસેળનુ દુષણ સતત વધી રહ્યું છે અને નફો કમાવાની લાલચમાં ભેળસેળીયા તત્વો લોકોના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા છે ત્યારે ખાદ્યચીજોની ગુણવત્તાની ચકાસણી પાંચ જ મીનીટમાં થઈ શકે તેવી ખાસ કીટ તૈયાર કરવામાં આવી છે. નેશનલ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીના સંશોધકોએ બે થી પાંચ મીનીટમાં પરિક્ષણ થઈ શકે તેવી રેપીટ ટેસ્ટીંગ કીટ વિકસાવી છે.




ફોરેન્સીક યુનિવર્સિટીના એસોસીએટ પ્રોફેસર જયરાજસિંહ સરવૈયાએ કહ્યું કે, માર્કેટમાં કવોલીટી ચેક માટે અનેક કીટ ઉપલબ્ધ છે છતાં સૌથી સચોટ પરિક્ષણ થાય તેવી કીટ માટે બે વર્ષથી સંશોધન થતુ હતુ. મુખ્યત્વે દુધ તથા મસાલાની મિલાવટ કે હલ્કી ગુણવતા પકડવા પર ફોકસ રખાતુ હતુ. નવી કીટનુ પેટન્ટ પણ મેળવી લેવાયુ છે.

ઘરવપરાશમાં જ કામ આવી શકે તે પ્રકારની આવી કીટ રૂા.૨૦૦ થી ૫૦૦માં ઉપલબ્ધ કરવામાં આવી છે. સૂત્રોના કહેવા પ્રમાણે દુધને ઘટ બનાવવા માટે યુરિયાની મિલાવટ થતી હોય છે. હળદર-લાલ મરચુ જેવા મસાલામાં પ્રતિબંધીત ચીજોની ભેળસેળ થતી હોય છે.

રેપીટ ટેસ્ટીંગ કીટથી મીનીટોમાં પરિણામ મળી જાય છે. ઓર્ગેનીક ફુડનો દાવો કરવામાં આવ્યો હોય તો તેમાં યુરિયાની માત્રા છે કે કેમ તેની પણ સકાસણી થઈ જશે.

યુનિવર્સિટીના કેમ્પસ ડાયરેકટર પ્રો. જુનારેએ કહ્યુ કે ફુડ ફેસ્ટીવલ સહિતના કાર્યક્રમોમાં રેપીડ ટેસ્ટ કીટ પ્રદર્શનમાં મુકવામાં આવતી જ હોય છે આ કીટ સસ્તી અને ઉપયોગમાં સરળ છે. સેંકડો-હજારોની સંખ્યામાં કીટનુ ઉત્પાદન કરવામાં આવ્યુ છે.

કીટના ઉપયોગ વિશે સરળ સમજ પર આપવામાં આવી છે. દુધમાં મિલાવટ છે કે કેમ તે ચાર ટીપા દુધ પરથી જ ખબર પડી જાય છે. સ્ટ્રીપના કલરના આધારે તેમાં કયા પ્રકારની ભેળસેળ છે તેની ખબર પડી જાય છે.તબીબી નિષ્ણાંતોના કહેવા પ્રમાણે ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થોથી આરોગ્ય પર જોખમ વધતુ રહ્યુ છે. પેટની સમસ્યા સહિતના આરોગ્ય પ્રશ્નો માટે ખાદ્ય ચીજોની ભેળસેળ પણ જવાબદાર છે ત્યારે લોકોએ સરળતાથી ઉપલબ્ધ કીટનો ઉપયોગ કરીને સ્વાસ્થ્યની કાળજી રાખવાની જરૂર છે.

# બોટાદકર સાહિત્ય સભા,બોટાદમાં ઉજવાયો માતૃભાષા મહોત્સવ -૨૦૨૫

સાહિત્ય અકાદમી ગાંધીનગર અને બોટાદકર સાહિત્ય સભા ,બોટાદ ના સંયુક્ત ઉપક્રમે શ્રી સાંદીપનિ વિદ્યાનિકેતન સંકુલના પરિસરમાં “ મળી માતૃભાષા મને ગુજરાતી“ એવાં સુંદર ટાઈટલ સાથે એક અદભૂત,યાદગાર અને અવિસ્મરણીય કાર્યક્રમ ચરિતાર્થ થયો. માતૃભાષાના સંવર્ધન અને મહત્ત્વ સમજાવતાં સમગ્ર ગુજરાતમાં ૩૬૫ જેટલાં સ્થળોએ ઐતિહાસિક રીતે ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના સંનિષ્ઠ પ્રયાસો સાથે અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહા સાહેબ અને મહામાત્ર શ્રી જયેન્દ્રસિંહજી જાદવજીના માર્ગદર્શન અને પ્રેરણા સાથે આ કાર્યક્રમ શ્રેષ્ઠતમ રીતે સંપન્ન થયો. આ યાદગાર ઉપક્રમે બોટાદકર સાહિત્ય સભાના અધ્યક્ષ આદરણીયશ્રી બાપુભાઈ ધાધલ અને નેશનલ



એવોર્ડિત શિક્ષક અને શ્રેષ્ઠ સ્ટેજ સંચાલક ,વક્તા પ્રવીણભાઈ ખાચરના સંયોજન હેઠળ ઉત્તમ આયોજન કરવામાં આવ્યું હતું....તો એક ઉત્તમ વક્તા અને સમાજસેવી ભાઈશ્રી હરેશભાઈ ધાધલ અતિથિ વિશેષ તરીકે પ્રેરક હાજરી આપી એક મનભાવન શબ્દો થકી પ્રાસંગિક ઉદબોધનમાં પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો.

આ ઉપક્રમે યોજાયેલા સુંદર કવિ સંમેલનમાં કવિશ્રી જિજ્ઞેશ વાળા, કવિશ્રી પાર્થ ખાચર , કવિશ્રી પ્રદ્યુમ્ન ખાચર, કવિશ્રી પ્રતાપ મહેતા કવિશ્રી જૈમિન પંડ્યા, કવિશ્રી આનંદ ગઢવી,કવિશ્રી ગોપાલ ચૌહાણે પોતાની શ્રેષ્ઠ રચનાઓથી શ્રોતાઓને રસતરબોળ કર્યા હતાં. આમ મોટી સંખ્યામાં બોટાદકર સાહિત્ય સભાના સભ્યો, સારસ્વતો અને હાજર ભાષા ભાવકોની ઉપસ્થિતિમાં બોટાદને આંગણે માતૃભાષા મહોત્સવ - ૨૦૨૫ ઉત્તમ રીતે સંપન્ન થયો હતો.

# હુડકો ચોકડી પાસે માથાકૂટનો ખાર રાખી બે સગાભાઈએ યુવાનને માર માર્યો

રાજકોટઃશહેરના કોઠારીયા મેઈન રોડ હુડકો ચોકડી પાસે અગાઉની માથાકુટનો ખાર રાખી યુવાન પર બે સગા ભાઈએ હુમલો કરતા યુવાનને ગંભીર ઈજા પહોંચતા તેમને હોસ્પીટલે ખસેડવામા આવ્યો હતો જયા તેમને માથાના ભાગે ૩ ટાકા આવ્યા હોવાનુ જાણવા મળી રહયુ છે. આ મામલે ભક્તિનગર પોલીસના સ્ટાફે બંને ભાઈ વિરુધ્ધ ગુનો નોંધ્યો હતો.



વધુ વિગતો મુજબ કોઠારીયા મેઈન રોડ આશાપુરા સોસાયટી શેરી નં ૧૬ મા રહેતા સુરજસિંગ શિવકુમાર ઠાકુર નામના ૩૨ વર્ષના યુવાને પોતાની ફરીયાદમા હુડકો ચોકડી પાસે રહેતા હિમસિંગ મંગલસિંહ ઠાકોર અને તેમના ભાઈ રબીતસિંગ ઠાકુર વિરુધ્ધ ફરીયાદ નોંધાવી છે.

જે ફરીયાદમા સુરજસિંગે જણાવ્યુ હતુ કે તેમના ભાઈ સાથે આરોપીઓને માથાકુટ થઈ હતી અને જે બાબતનુ બંને વચ્ચે મનદુખ ચાલતુ આવે છે ત્યારે ફરીયાદી સુરજસિંગના ભાઈનુ નામ લઈ આરોપીઓ ગાળો આપતા હોય જેથી તેમને ગાળો આપવાની ના પાડતા આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ભીમસિંગે લોખંડનો સળીયો લઈ ફરીયાદીને માથામા ઝીકી દેતા લોહી લુહાણ થઈ ગયો હતો અને આરોપી રબીતસિંગે ફરીયાદનો પગ પકડી રસ્તા પર ઢસડતા તેમને પગે ઈજા થઈ હતી તેમજ બંને આરોપીઓએ ફરીયાદી યુવકને ઢીકાપાટુનો માર માર્યો હતો.

ॐकारा

કર્મ એજ ધર્મ | સનાતન એજ સત્ય | આત્મા એજ પરમાત્મા

સનાતન પુનઃઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



## પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

**: સ્થાપક :**

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

**થોડો સમય વ્યસ્ત રહીને જોઈ લો, તમને પણ સમજાઈ જશે કે મોટાભાગ ની સમસ્યાઓ નવરા બેસી રહેવામાં જ છે!! વ્યસ્ત રહીએ, સ્વસ્થ રહીએ અને કર્મો પ્રત્યે સજાગ રહીએ...**

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
KALAVID
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111


RAVI ENGLISH INSTITUTE ®
SINCE 2003
Ravi ENGLISH INSTITUTE
Where Growth is A Way of Life
A/C Class
ધો.૪ થી ૧૨ તેમજ ટેટ, ટાટ અને
સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ ઈઝરાયલ
જેવા દેશોમાં કેર ટેકર તરીકે જવા
ઈચ્છુક વ્યકિતઓ માટે અંગ્રેજી ભાષાનું સચોટ શિક્ષણ.
SPOKEN ENGLISH
૧૦૦% રીઝલ્ટ
ઓરીએન્ટેડ ગેરેન્ટી
અંગ્રેજી આટલું સરળ?
એક વખત અચૂક મુલાકાત લો...
Rasik Mehta
+919879329391
Learn English
Language With
Money Back
Guarantee..
FREE
TRIAL
3 DAYS
અમારી વિશિષ્ટતાઓ
બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષયનું શિક્ષણ પણ મેળવો.
દરેક બેચમાં મર્યાદિત સંખ્યા અને વ્યકિતગત માર્ગદર્શન.
ડેઈલી-વિકલી-મંથલી રીવીઝન સીસ્ટમ.
પ્રોજેકટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
૧૦,૦૦૦ જેટલા વાકયો તેમજ૧૦,૦૦૦ જેટલા
શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.
નવી બેચિઝ
ટૂંક સમયમાં શરૂ.
SCAN TO
ENJOY VIDEO
FOLLOW US:
Ravi English Institute
You Tube
art house
હેડઓફિસ :
"શ્રી હરી કોમ્પલેક્ષ" પહેલા માળે, યુનિ. રોડ,
ધોળકીયા સ્કુલ સામે, શેરી નં.૭ નો ખુણો,
બોમ્બે હાઉસીંગ સોસાયટી મેઈન રોડ,
રાજકોટ. MO. 98793 29391
બ્રાન્ચ ઓફિસ :
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ,
ધોળકીયા સ્કુલ પાસે સાગર ચોક,
શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
MO. 98245 81306

Mo: 9974378783 / 9998500131

# HII.. Creation

## ચણિયાચોળી તેમજ શૂટ-શેરવાની ભાડેથી મળશે

૨-૧૩, ગુંદાવાડી, રાજકોટ Hii.Creation.11



SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

સેફાયર છે ને.. !!
શું કામ ન મળે સપનાનું ઘર...

2 BHK Flats
618 Carpet

3 BHK Flats
824 Carpet

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper



## ડિજિટલ ભારતની સાથે

## તમે પણ બનો ડિજિટલ...





# તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...



મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ** પર

**Hi લખીને મોકલો**

# 98983 17826



અને જોડાઇ જાવ અમારી સાથે...

# PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લકઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**

**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા
માટે આપેલ QR CODE SCAN
કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062